PRGI No. GUJGUJ/2008/26148



# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 244
Dt.: 16-05-2026,
Saturday
Page : 04
Rs.00.50 paisa

# પેપર લીક બાદ મોટો નિર્ણય, આગામી વર્ષથી ઓનલાઈન લેવાશે NEETની પરીક્ષા: કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની જાહેરાત

## પત્રકાર પરિષદમાં તેમણે કહ્યું કે દોષિતોને પાતાળમાંથી પણ શોધી લેવામાં આવશે : NEET પરીક્ષાના પેપર લીક કાંડે દેશને હચમચાવી દીધો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

NEET પરીક્ષાના પેપર લીક કાંડે દેશને હચમચાવી દીધો છે અને વિદ્યાર્થીઓ વચ્ચે ગુસ્સો જોવા મળી રહ્યો છે.

આ બબાલ વચ્ચે આજે પ્રથમવાર કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાન મીડિયા સામે આવ્યા છે. પત્રકાર પરિષદમાં તેમણે કહ્યું કે દોષિતોને પાતાળમાંથી પણ શોધી લેવામાં આવશે. મહત્વનું છે કે શિક્ષણ મંત્રીની પત્રકાર પરિષદ પહેલા NTAએ સોશિયલ મીડિયા પર નવી તારીખો જાહેર કરી દીધી હતી. ૨૧ જૂને ફરી નીટની પરીક્ષા લેવાશે. એડમિટ કાર્ડથી લઈને પરીક્ષા કેન્દ્રોની જાણકારી એનટીએ તરફથી આપવામાં આવશે. આ સાથે કેન્દ્રીય શિક્ષણમંત્રીએ મોટી જાહેરાત કરતા કહ્યું કે, આગામી વર્ષથી નીટની પરીક્ષા ઓનલાઈન લેવામાં આવશે.

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને મીડિયાને સંબોધિત કરતા કહ્યુ કે ગેસ પેપર લીક થવાના ૩થી ૪ દિવસનો સમય લેવામાં આવ્યો, ત્યારબાદ પરીક્ષા રદ્દ કરવામાં આવી જેથી કોઈ વિદ્યાર્થીએ મુશ્કેલીનો સામનો કરવો પડે નહીં. તેમણે કહ્યું કે આજે અમે નવી તારીખની સાથે આવ્યા છીએ. આજથી એક મહિના બાદ નવી પરીક્ષા યોજાશે. અમારો અપ્રોચ તે રહેશે. પરીક્ષા માફિયાઓની સાથે અમારી લડાઈ છે. વિવિધ સોશિયલ મીડિયા હેન્ડલ પર ભ્રમિત કરનાર તથ્યો રાખવામાં આવે છે, ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરવામાં આવે છે, જેનાથી બચવું જરૂરી છે. તેવામાં



સરકારે તત્કાલ સીબીઆઈને તપાસ સોંપી. આ વખતે સીબીઆઈ ઉંડાણ સુધી જશે અને ગેરરીતિની માહિતી મેળવશે. મંત્રીએ કહ્યું કે એજન્સી આ ઘટનાને ગંભીરતાથી લઈ રહી છે. જે પણ ગુનેગારો ફરી રહ્યાં છે, તે આવનારી પરીક્ષામાં દૂર ન થયા તો તેણે દંડ ભોગવવો પડશે.

અમે સમયમાં નીટની નવી તારીખો જાહેર કરી છે. જ્યારથી પેપર લીકની વાત સામે આવી છે, ત્યારથી અમે તેના પર નજર રાખી રહ્યાં છીએ. તે માટે સીબીઆઈને તપાસ સોંપવામાં આવી છે. આ સાથે નીટની પરીક્ષામાં વિદ્યાર્થીઓને ૧૫ મિનિટનો વધારાનો સમય આપવામાં આવશે. જ્યારે પરીક્ષાને એડમિટ કાર્ડ ૧૪ જૂન સુધી જારી કરવામાં આવશે.

ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું કે અમે આ ઘટનાથી દુખી છીએ, પંતુ એક મોટા ઉદ્દેશ્યને જોતા નિર્ણય લેવો પડ્યો જેથી અન્યાય ન થાય. અમને અનેક સૂચન મળ્યા છે.

એનટીએમાં ઝીરો એરર હોય તે અમારી જવાબદારી છે. એનટીએ દર વર્ષે એક કરોડ બાળકોની પરીક્ષા કરાવે છે. વિદ્યાર્થીઓ પર આર્થિક ભારણ ન પડે તેની જવાબદારી અમે લઈએ છીએ. એનટીએએ નક્કી કર્યું છે કે અમે વિદ્યાર્થીઓને પોતાના પસંદગીના શહેરમાં પરીક્ષા આપવાની તક આપીશું.

તેમણે આગળ કહ્યું કે તપાસ દરમિયાન ૧૨ મે સુધી તે સ્પષ્ટ થઈ ગયું કે ગેસ પેપરના નામ પર અસલી પ્રશ્નપત્રના સવાલ બહાર પહોંચ્યા હતા. તેમણે કહ્યું કે સરકાર નથી ઈચ્છતી કે શિક્ષણ માફિયાઓને કારણે કોઈ ઈમાનદાર અને મહેનતું વિદ્યાર્થીનો હક છીનવી લેવામાં આવે.

### સતત નબળો પડતો રૂપિયો

# રૂપિયાનું ઐતિહાસિક ધોવાણ, ડોલર સામે ઘટીને પહેલીવાર ૯૬ સુધી પહોંચ્યો

**વૈશ્વિક આર્થિક અસ્થિરતા અને મિડલ-ઈસ્ટમાં ચાલી રહેલા તણાવની સીધી અસર ભારતીય ચલણ પર જોવા મળી રહી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય અર્થતંત્ર માટે ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. અમેરિકન ડોલરની સરખામણીએ ભારતીય રૂપિયો અત્યાર સુધીના સૌથી નીચલા સ્તરે પહોંચી ગયો છે. વૈશ્વિક આર્થિક અસ્થિરતા અને મિડલ-ઈસ્ટમાં ચાલી રહેલા તણાવની સીધી અસર ભારતીય ચલણ પર જોવા મળી રહી છે. આજે એટલે કે ૧૫ મે ૨૦૨૬ ના રોજ ભારતીય રૂપિયો અમેરિકન ડોલર સામે રેકોર્ડબ્રેક નબળો પડીને રૂ.૯૬.૦૨ ના સ્તરે પહોંચી ગયો છે. અગાઉના દિવસે એટલે કે ૧૪ મેના રોજ રૂપિયો રૂ.૯૫.૭૬ પર બંધ થયો હતો, જેની સરખામણીએ આજે વધુ ઘટાડો નોંધાયો છે. વર્ષ ૨૦૨૨ થી અત્યાર સુધીના ગ્રાફ પર નજર કરીએ તો રૂપિયામાં સતત મૂલ્યહાસ જોવા મળી રહ્યો છે. વર્ષ ૨૦૨૬ માં અત્યાર સુધીમાં (YTD Change) રૂપિયામાં ૧૩.૨% જેટલો તોતિંગ ઘટાડો નોંધાયો છે. આ કડાકા પાછળનું મુખ્ય કારણ ક્રૂડ ઓઈલની વધતી કિંમતો, વિદેશી રોકાણકારો દ્વારા ભારતીય શેરબજારમાંથી સતત ઉપાડ અને અમેરિકન ડોલરની વૈશ્વિક બજારમાં મજબૂતી માનવામાં આવી રહી છે. રૂપિયો નબળો પડવાને કારણે વિદેશથી આયાત કરવામાં આવતી વસ્તુઓ જેવી કે ક્રૂડ ઓઈલ, ઈલેક્ટ્રોનિક્સ અને ખાદ્ય તેલ મોંઘા થશે. આનાથી ભારતમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં હજુ પણ વધારો થઈ શકે છે, જે આખરે મોંઘવારીમાં વધારો કરશે. આ ઉપરાંત, વિદેશમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને પ્રવાસ પર જનારા લોકો માટે પણ ખર્ચમાં મોટો ઉછાળો આવશે.

રૂપિયાના ધોવાણના ૫ મુખ્ય કારણો

મિડલ ઈસ્ટમાં યુદ્ધ અને હોર્મુઝ નાકાબંધીઃ ઈરાન, ઈઝરાયલ અને અમેરિકા વચ્ચે વધતા તણાવને કારણે વૈશ્વિક સપ્લાય ચેઈન ખોરવાઈ છે. યુદ્ધના ડરથી રોકાણકારો સુરક્ષિત રોકાણ માટે ડોલર તરફ વળ્યા છે.

ક્રૂડ ઓઈલ રૂ.૧૦૭ ડોલરને પારઃ ભારત પોતાની જરૂરિયાતનું ૮૫% ક્રૂડ આયાત કરે છે. બ્રેન્ટ ક્રૂડ $107 પ્રતિ બેરલને પાર કરી જતાં ભારતનું આયાત બિલ વધ્યું છે, જેના કારણે ડોલરની માંગ વધી અને રૂપિયો ઘટ્યો.

મજબૂત ડોલર ઈન્ડેક્સઃ વૈશ્વિક સ્તરે ડોલર ઈન્ડેક્સ ૯૯.૦૫ પર પહોંચી ગયો છે. જ્યારે પણ ડોલર આંતરરાષ્ટ્રીય સ્તરે મજબૂત થાય છે, ત્યારે રૂપિયો અને અન્ય એશિયન કરન્સી નબળી પડે છે.

FII દ્વારા આક્રમક વેચવાલીઃ વિદેશી રોકાણકારો ભારતીય શેરબજારમાંથી સતત નાણાં પાછા ખેંચી રહ્યા છે. માત્ર બુધવારે જ FII એ રૂ.૪,૭૦૦ કરોડની વેચવાલી કરી હતી.

આયાતી ફુગાવાનો ખતરોઃ જથ્થાબંધ મોંઘવારી દર (WPI) સાડા ત્રણ વર્ષની ટોચે પહોંચ્યો છે. તેલ મોંઘું થવાથી દેશમાં જીવનજરૂરી વસ્તુઓના ભાવ વધવાની ભીતિ છે.

સામાન્ય જનતા પર થનારી સીધી અસર

પેટ્રોલ-ડીઝલ અને ગેસઃ આયાત મોંઘી થવાથી પેટ્રોલ-ડીઝલ અને LPG સિલિન્ડરના ભાવમાં મોટો વધારો થઈ શકે છે.

ઈલેક્ટ્રોનિક્સ અને મોબાઈલઃ મોબાઈલ, લેપટોપ અને અન્ય ગેજેટ્સના આયાતી પાર્ટ્સ મોંઘા થતા તેની કિંમતો વધશે.

વિદેશી શિક્ષણ અને પ્રવાસઃ જે વિદ્યાર્થીઓ વિદેશમાં ભણે છે અથવા જે લોકો વિદેશ પ્રવાસે જવાનું આયોજન કરી રહ્યા છે, તેમણે હવે ડોલર ખરીદવા માટે વધુ રૂપિયા ચૂકવવા પડશે.

રોજિંદી વસ્તુઓઃ ટ્રાન્સપોર્ટેશન ખર્ચ વધવાથી શાકભાજીથી લઈને પ્લાસ્ટિક અને અન્ય પેટ્રોકેમિકલ ઉત્પાદનો મોંઘા થશે.

# સિસ્કોએ એઆઈ અપનાવીને ૪,૦૦૦ કર્મચારીઓની છટણી કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)ન્યૂ યોર્ક

અમેરિકાની ટેકનોલોજી કંપની સિસ્કોએ લગભગ ૪,૦૦૦ કર્મચારીઓની છટણી કરવાની જાહેરાત કરી છે. કંપની હવે એઆઈ, સાયબર સિક્યોરિટી અને સિલિકોન ટેકનોલોજી બિઝનેસ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

આ સાથે જ કંપનીએ પોતાના વાષક આવકના અંદાજમાં પણ વધારો કર્યો છે. એઆઈ ડેટા સેન્ટર અને નેટવકગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની વધતી માંગને કારણે સિસ્કોને વધુ ઓર્ડર મળી રહ્યા છે. કંપનીને આ નાણાકીય વર્ષ દરમિયાન એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં ૧ અબજ ડોલરથી વધુના ઓર્ડર મળ્યા છે. કંપની પોતાના પરંપરાગત બિઝનેસમાંથી ખર્ચ ઘટાડીને એઆઈ આધારિત પ્રોજેક્ટ્સમાં વધુ રોકાણ કરવા માગે છે. આ છટણી કંપનીના કુલ વૈશ્વિક કર્મચારીઓના લગભગ ૫ ટકા જેટલી છે. સિસ્કોના સીઈઓ ચક રોબિન્સે જણાવ્યું કે, એઆઈના યુગમાં ટેકનોલોજી કંપનીઓએ મુશ્કેલ નિર્ણયો લેવા પડી રહ્યા છે.

### ઈન્દોર હાઈકોર્ટનો હિન્દુઓની તરફેણમાં ચુકાદો

# મધ્ય પ્રદેશની ૧૧મી સદીની ભોજશાળા 'મંદિર' જાહેર

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈન્દોર

મધ્ય પ્રદેશના ધાર જિલ્લામાં આવેલી ઐતિહાસિક અને વિવાદાસ્પદ ભોજશાળા મામલે આજે ઈન્દોર હાઈકોર્ટે એક અત્યંત મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. વર્ષોથી ચાલી આવતા આ કાનૂની વિવાદમાં કોર્ટે ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ (ASI) દ્વારા રજૂ કરવામાં આવેલા વિગતવાર વૈજ્ઞાનિક સરવે રિપોર્ટને સ્વીકારીને તેને આ કેસનો મુખ્ય કાયદાકીય આધાર માન્યો છે. વર્ષોથી ચાલી આવતા વિવાદનો અંત લાવતા કોર્ટે આ પરિસરને હિન્દુ મંદિર જાહેર કર્યું છે. હાઈકોર્ટે હિન્દુ પક્ષની અરજી પર સુનાવણી કરતા સ્પષ્ટ કર્યું કે આ આખું પરિસર મૂળભૂત રીતે મંદિર જ છે. હાઈકોર્ટે પોતાના આદેશમાં જણાવ્યું છે કે ભોજશાળાનું મૂળ સ્વરૂપ એક સંસ્કૃત શિક્ષણ કેન્દ્ર એટલે કે મહા વિદ્યાલયનું હતું. કોર્ટે ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ (ASI) દ્વારા કરવામાં આવેલા વૈજ્ઞાનિક સરવે રિપોર્ટ પર સંપૂર્ણ વિશ્વાસ વ્યક્ત કર્યો છે. કોર્ટે નોંધ્યું કે પુરાતત્ત્વ એ એક વિજ્ઞાન છે અને તેના તારણો કાયદાકીય રીતે માન્ય છે. વધુમાં, કોર્ટે કહ્યું કે ઐતિહાસિક અને પુરાતત્ત્વીય મહત્ત્વ ધરાવતી સંરચનાઓનું સંરક્ષણ કરવું એ સરકારની બંધારણીય જવાબદારી છે. એડવોકેટ વિષ્ણુ શંકર જૈને ધાર-ભોજશાળા કેસમાં હાઈકોર્ટના ચુકાદાને ઐતિહાસિક ગણાવ્યો છે. તેમણે કહ્યું કે કોર્ટે વર્ષ ૨૦૦૩ના જૂના આદેશમાં ફેરફાર કરીને હવે હિન્દુ પક્ષને પૂજા કરવાનો અધિકાર આપ્યો છે અને સ્વીકાર્યું છે કે આ સંકુલ રાજા ભોજનું છે. આ ઉપરાંત, લંડનના મ્યુઝિયમમાં રાખવામાં આવેલી વાગ્દેવીની પ્રતિમાને ભારત પરત લાવવાની માંગ પર પણ કોર્ટે સરકારને વિચાર કરવા જણાવ્યું છે. આ પ્રક્રિયામાં મુસ્લિમ પક્ષ પણ સરકાર સામે પોતાની વાત રજૂ કરી શકશે. કોર્ટે મુસ્લિમ પક્ષને નમાજ પઢવા માટે વૈકલ્પિક જમીન ફાળવવા બાબતે સરકારને વિચાર કરવા કહ્યું છે. મહત્ત્વની વાત એ છે કે, અગાઉ જે આદેશ હેઠળ ત્યાં નમાજ પઢવાની મંજૂરી હતી તેને સંપૂર્ણપણે રદ્દ કરવામાં આવી છે અને હવેથી ત્યાં માત્ર હિન્દુ પક્ષ દ્વારા જ પૂજા કરવામાં આવશે. ભોજશાળા પરિસરના તમામ વહીવટી અને સંચાલન કાર્યો હવે સંપૂર્ણપણે ASI (ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ)ના કાર્યક્ષેત્રમાં રહેશે. વધુમાં, કોર્ટે કેન્દ્ર સરકાર અને ASIને સ્પષ્ટ સૂચના આપી છે કે તેઓ આ પરિસરના સુચારુ સંચાલન અને ત્યાં સંસ્કૃત શિક્ષણના આયોજન અંગે જરૂરી અને યોગ્ય નિર્ણયો લે. આ ઉપરાંત, ત્યાં આવતા તમામ શ્રદ્ધાળુઓ માટે જરૂરી પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી તેમજ સમગ્ર વિસ્તારમાં શાંતિ અને કાયદો-વ્યવસ્થા જાળવવાની જવાબદારી પણ સરકારને સોંપવામાં આવી છે. ઈતિહાસ મુજબ, ઈ.સ.૧૦૦૦થી ૧૦૫૫ દરમિયાન ધારમાં પરમાર વંશના રાજા ભોજનું શાસન હતું. રાજા ભોજ સરસ્વતી દેવીના પરમ ભક્ત હતા અને તેમણે ઈ.સ. ૧૦૩૪માં અહીં એક ભવ્ય મહા વિદ્યાલયની સ્થાપના કરી હતી, જે 'ભોજશાળા' તરીકે ઓળખાઈ. સમય જતાં, ૧૩૦૫માં અલાઉદ્દીન ખિલજીએ આ પરિસરને નુકસાન પહોંચાડ્યું અને ત્યારબાદના શાસકોએ તેના અલગ-અલગ હિસ્સામાં મસ્જિદનું નિર્માણ કરાવ્યું હતું.

# BRICSમાં ઈરાન અને UAEની હાજરીમાં ભારતનો સ્પષ્ટ સંદેશ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતની અધ્યક્ષતામાં યોજાયેલી બ્રિક્સ (BRICS) દેશોના વિદેશ મંત્રીઓની બેઠકમાં વિદેશમંત્રી એસ. જયશંકરે મધ્ય પૂર્વ સંકટ અને વૈશ્વિક સુરક્ષા અંગે ભારતનો પક્ષ મજબૂતીથી રજૂ કર્યો હતો. આ બેઠકમાં ઈરાન અને યુનાઈટેડ આરબ એમિરેટ્સ (UAE)ના પ્રતિનિધિઓની હાજરીમાં ભારતે દરિયાઈ સુરક્ષા અને ઊર્જા પુરવઠા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી.

એસ. જયશંકરે જણાવ્યું હતું કે, હોર્મુઝ સ્ટ્રેટ અને રેડ સી જેવા આંતરરાષ્ટ્રીય જળમાર્ગો દ્વારા સુરક્ષિત અને અવરોધ વિનાનો દરિયાઈ પ્રવાહ વૈશ્વિક આર્થિક સુખાકારી માટે અત્યંત આવશ્યક છે. તેમણે ચેતવણી આપી હતી કે મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષને કારણે ઊર્જા પુરવઠામાં વિક્ષેપ પડી શકે છે. ભારતે બ્રિક્સના સભ્ય દેશો, ખાસ કરીને ઈરાન અને UAEને અપીલ કરી છે કે તેઓ આ અભૂતપૂર્વ ભૌગોલિક-રાજકીય અનિશ્ચિતતા અને 'એકતરફી પ્રતિબંધો'નો સામનો કરવા માટે કોઈ વ્યવહારુ રસ્તો શોધે.





વિદેશ મંત્રી એસ. જયશંકરે આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતનો પક્ષ સ્પષ્ટ કરતા જણાવ્યું કે, દુનિયામાં શાંતિ અને સ્થિરતા ક્યારેય આંશિક કે ટુકડાઓમાં હોઈ શકતી નથી; તે બધે જ અને એકસમાન હોવી જરૂરી છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે દરેક દેશે બીજા દેશની સાર્વભૌમત્વ અને તેની સરહદોની મર્યાદાનો આદર કરવો જોઈએ, જે વૈશ્વિક સંબંધોનો મુખ્ય પાયો છે. કોઈ પણ મોટા વિવાદ કે યુદ્ધ જેવી સ્થિતિનો અંત હિંસાથી નહીં, પરંતુ માત્ર પરસ્પર વાતચીત અને સાચી કૂટનીતિ દ્વારા જ લાવી શકાય છે. ભારત આ દિશામાં હંમેશા સકારાત્મક ભૂમિકા ભજવવા અને દુનિયામાં ફરી શાંતિ સ્થાપવા માટે મદદ કરવા તૈયાર છે. આ બેઠકમાં ઈરાન અને UAE વચ્ચે મધ્ય પૂર્વના સંઘર્ષ મુદ્દે તીવ્ર મતભેદો જોવા મળ્યા હતા. રિપોર્ટ મુજબ, ઈરાન દ્વારા UAEના ઊર્જા માળખા પર થયેલા કથિત હુમલાઓને કારણે બંને દેશો વચ્ચે ઉગ્ર ચર્ચાઓ થઈ હતી, જેમાં રશિયાના વિદેશમંત્રી સર્ગેઈ લાવરોવે હસ્તક્ષેપ કરવો પડ્યો હતો. આ મતભેદોને કારણે બ્રિક્સ કોઈ સર્વસંમત નિવેદન બહાર પાડી શક્યું નથી. એસ. જયશંકરે નવા સભ્યોને બ્રિક્સની સંમતિ પદ્ધતિને સમજવા અને તેને અનુસરવા પર પણ ભાર મૂક્યો હતો.

ઈરાનના વિદેશમંત્રી સૈયદ અબ્બાસ અરાઘચીએ બ્રિક્સ દેશો સમક્ષ પોતાનો પક્ષ રાખતા જણાવ્યું કે, તેમનો દેશ ગેરકાયદેસર રીતે પોતાની સરહદો વધારવાની નીતિ અને યુદ્ધ જેવી પરિસ્થિતિઓનો ભોગ બની રહ્યો છે. તેમણે બ્રિક્સના સભ્ય દેશોને અપીલ કરી કે તેઓ અમેરિકા અને ઈઝરાયલ દ્વારા થતા આંતરરાષ્ટ્રીય નિયમોના ઉલ્લંઘન સામે ખુલીને અવાજ ઉઠાવે અને તેની નિંદા કરે. ઈરાને ભારપૂર્વક કહ્યું કે પશ્ચિમી દેશોના વર્ચસ્વ અને દબાણ સામે લડવા માટે બ્રિક્સના તમામ દેશોએ એકજૂથ થઈને ઊભા રહેવું જોઈએ.

એક તરફ મધ્ય પૂર્વમાં તણાવ વધી રહ્યો છે, ત્યારે પીએમ મોદી શુક્રવારથી તેમની ચાર યુરોપિયન દેશોની મુલાકાત શરૂ કરી રહ્યા છે, જેમાં પ્રથમ દેશ UAE હશે. UAE ભારતનું વિશ્વસનીય ઊર્જા ભાગીદાર રહ્યું છે.



# તંત્રી લેખ......

## સમયસર સાવધાન રહો

પેટ્રોલિયમ ઉત્પાદનોના સ્રોત ક્રૂડ તેલની સાથે, ખાદ્ય તેલની આયાત પણ નોંધપાત્ર પ્રમાણમાં વિદેશી હૂંડિયામણનો ઉપયોગ કરે છે તે આશ્ચર્યજનક નથી. આ જ કારણ છે કે વડા પ્રધાને ખાદ્ય તેલનો વપરાશ ઘટાડવાની પણ અપીલ કરી હતી. તેઓ એ વાતમાં સાચા છે કે આનાથી માત્ર સ્વાસ્થ્યમાં સુધારો થશે જ નહીં પરંતુ વિદેશી હૂંડિયામણ બચાવવામાં પણ મદદ મળશે, પરંતુ પ્રશ્ન એ છે કે ભારત પૂરતા પ્રમાણમાં તેલીબિયાંનું ઉત્પાદન કેમ કરી શકતું નથી?

ભારત તેની ખાદ્ય તેલની જરૂરિયાતના આશરે ૫૮ ટકા આયાત કરે છે તે અસામાન્ય નથી. ગયા વર્ષે, ખાદ્ય તેલ આયાત બિલ લગભગ ઈ૨૦ બિલિયન હતું. તેનાથી મોટી વિડંબના કોઈ નથી, કૃષિ દેશ હોવા છતાં અને આત્મનિર્ભરતા અને સ્વદેશી ઉત્પાદનો પર ભાર મૂકતો હોવા છતાં, દેશમાં તેલીબિયાં પાકોનું ઉત્પાદન અપેક્ષા મુજબ ઝડપથી વધી રહ્યું નથી. એ સાચું છે કે કેન્દ્ર સરકાર ખેડૂતોને તેલીબિયાં ઉત્પાદન વધારવા માટે પ્રોત્સાહિત કરી રહી છે, અને તેના કારણે ઉત્પાદનમાં થોડો વધારો થયો છે, પરંતુ તે જ સમયે, ખાદ્ય તેલની માંગ અને વપરાશ પણ વધી રહ્યો છે. આ થઈ રહ્યું છે કારણ કે જેમ જેમ લોકો આર્થિક રીતે વધુ સક્ષમ બને છે, તેમ તેમ તેમના આહારમાં તેલનો વપરાશ વધી રહ્યો છે. સ્પષ્ટપણે, કેન્દ્ર અને રાજ્ય સરકારોએ તેલીબિયાં પાકોનું ઉત્પાદન વધારવા પર ખાસ ભાર મૂકવો પડશે. આપણા દેશની સમસ્યા એ છે કે જ્યારે કોઈ કટોકટી ઊભી થાય છે, ત્યારે આપણે શમન પગલાં પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ. ખાદ્ય તેલ ઉત્પાદનમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવા માટે એક સઘન ઝુંબેશ ઘણા સમય પહેલા શરૂ થવી જોઈતી હતી અને તેની નિયમિત સમીક્ષા થવી જોઈતી હતી. તે ફક્ત ખાદ્ય તેલ વિશે નથી; ભારતને પણ મોટા પ્રમાણમાં કઠોળની આયાત કરવી પડે છે. આ પણ વિદેશી હૂંડિયામણનો ઉપયોગ કરે છે. કઠોળનું ઉત્પાદન વધારવા માટે શરૂ કરાયેલી યોજનાઓના પરિણામો કેટલા સકારાત્મક રહ્યા છે તે કહેવું મુશ્કેલ છે. ગમે તે હોય, સરકાર માટે પેટ્રોલિયમ ઉત્પાદનો સહિત આયાત ઘટાડવા માટે નક્કર અને લાંબા ગાળાના પગલાં લેવાનો સમય આવી ગયો છે. એ સાચું છે કે ભારતમાં ક્રૂડ ઓઈલનો જરૂરી ભંડાર નથી, તેથી તેની આયાત કરવી જ જોઈએ. પરંતુ તમામ પ્રકારના ઈફ વાહનોની ખરીદી વધારવા માટે આકર્ષક પ્રોત્સાહન યોજના કેમ લાગુ કરવામાં આવી રહી નથી, અને તેમના માટે ચાર્જિંગ સ્ટેશનોનો ઝડપથી વિસ્તાર કેમ કરવામાં આવી રહ્યો નથી? તેવી જ રીતે, નાના અને મોટા શહેરોમાં ટ્રાફિક જામને કારણે પેટ્રોલ અને ડીઝલના મોટા પાયે થતા બગાડને કેવી રીતે રોકવો તે અંગે કોઈ ધ્યાન કેમ નથી આપી રહ્યું?

# અમદાવાદ મંડળ, પશ્ચિમ રેલવેઃ ગુજરાતને મળ્યો ભારતનો પ્રથમ સેમી હાઈ-સ્પીડ રેલ કોરિડોર, અમદાવાદ-ધોલેરા વચ્ચે બનશે ૧૩૪ કિમી લાંબો બ્રોડ ગેજ સેમી હાઈ-સ્પીડ કોરિડોર

### રૂા.૨૦,૬૬૭ કરોડના ખર્ચે વિકસિત થશે દેશનો પ્રથમ સ્વદેશી ટેકનોલોજી આધારિત સેમી હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ - નમો ભારત ટ્રેનોનું થશે સંચાલન



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીની અધ્યક્ષતામાં યોજાયેલી આર્થિક બાબતોની મંત્રિમંડળીય સમિતિ (CCEA) એ ગુજરાતને દેશનો પ્રથમ બ્રોડ ગેજ સેમી હાઈ-સ્પીડ રેલ કોરિડોર આપતાં અમદાવાદ (સરખેજ)–ધોલેરા સેમી હાઈ-સ્પીડ ડબલ લાઈન રેલવે પ્રોજેક્ટને ઐતિહાસિક મંજૂરી આપી છે. અંદાજે રૂા.૨૦,૬૬૭ કરોડના ખર્ચવાળો આ પ્રોજેક્ટ ભારતીય રેલવેનો પ્રથમ સ્વદેશી ટેકનોલોજી આધારિત સેમી હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ હશે, જેમાં ભવિષ્યમાં નમો ભારત ટ્રેનો નું સંચાલન કરવામાં આવશે.

લગભગ ૧૩૪ કિલોમીટર લાંબી આ નવી ડબલ રેલ લાઈન અમદાવાદ, ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન (SIR), આવનાર ધોલેરા આંતરરાષ્ટ્રીય વિમાનમથક તથા લોથલ ખાતે આવેલા નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સને આધુનિક રેલ કનેક્ટિવિટી આપશે. પ્રોજેક્ટની ડિઝાઈન ગતિ ૨૨૦ કિમી પ્રતિ કલાક અને પરિચાલન ગતિ ૨૦૦ કિમી પ્રતિ કલાક નક્કી કરવામાં આવી છે. કોરિડોર પર કુલ ૧૩ સ્ટેશનો વિકસાવવામાં આવશે.

પ્રોજેક્ટ હેઠળ ૩ મેગા બ્રિજ, ૭૪ કિલોમીટર વાયાડક્ટ, ૩૯ રોડ અંડર બ્રિજ અને ૨ રેલ ઓવર રેલ બ્રિજનું નિર્માણ કરવામાં આવશે. કુલ ટ્રેક લંબાઈ અંદાજે ૨૯૩ કિલોમીટર રહેશે. પ્રોજેક્ટને આગામી ૪ વર્ષમાં પૂર્ણ કરવાનો લક્ષ્ય નક્કી કરવામાં આવ્યો છે.

માનનીય રેલ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યુંઃ ''અમદાવાદ–ધોલેરા સેમી હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ ભારતના રેલવે ઈતિહાસમાં નવી શરૂઆત છે. આ માત્ર એક રેલ લાઈન નથી, પરંતુ 'ન્યૂ ઈન્ડિયા'ની આધુનિક, ઝડપી અને આત્મનિર્ભર પરિવહન વ્યવસ્થાનું પ્રતિક છે. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં ભારતીય રેલવે આત્મનિર્ભર ભારતના વિઝનને નવી ગતિ આપી રહ્યું છે. સ્વદેશી ટેકનોલોજી આધારિત આ પ્રોજેક્ટ ભવિષ્યમાં સમગ્ર દેશમાં સેમી હાઈ-સ્પીડ રેલ નેટવર્કના વિસ્તરણનો આધાર બનશે.''

ગુજરાત સરકારના મુખ્ય સચિવ શ્રી મનોજ કુમાર દાસે જણાવ્યુંઃ ''માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી, મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ જી અને માનનીય રેલ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવજીના દુરંદર્શી નેતૃત્વ હેઠળ મંજૂર થયેલો આ પ્રોજેક્ટ ગુજરાતના ઔદ્યોગિક અને આર્થિક વિકાસમાં નવો અધ્યાય સાબિત થશે. ધોલેરા SIR ને સાબરમતી, ધોલેરા એરપોર્ટ અને લોથલ સાથે જોડતો આ કોરિડોર રાજ્યની આર્થિક પ્રગતિને નવી દિશા આપશે. સાબરમતી, ગાંધીગ્રામ અને વસ્ત્રાપુર સ્ટેશનો પર મેટ્રો એકીકરણ, સાબરમતીમાં બુલેટ ટ્રેન કનેક્ટિવિટી અને મોરૈયામાં ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર સાથેનું જોડાણ ગુજરાતને વિશ્વસ્તરીય મલ્ટી-મોડલ ટ્રાન્સપોર્ટ હબ તરીકે સ્થાપિત કરશે.''

મંડળ રેલ પ્રબંધક (DRM), અમદાવાદ શ્રી વેદ પ્રકાશે જણાવ્યુંઃ ''માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી, રેલ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવજી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલજીના માર્ગદર્શન હેઠળ ભારતીય રેલવેને આ ઐતિહાસિક પ્રોજેક્ટના અમલીકરણનો ગૌરવ પ્રાપ્ત થયો છે. ૧૩૪ કિલોમીટર લાંબો આ કોરિડોર એક્સપ્રેસવેની સમાનાંતર નવી એલાઈનમેન્ટ પર વિકસાવવામાં આવશે. આ પ્રોજેક્ટ અમદાવાદ અને ધોલેરા વિસ્તારને વિશ્વસ્તરીય રેલ કનેક્ટિવિટી પ્રદાન કરશે. તેના કારણે મુસાફરોને ઝડપી, સુરક્ષિત અને આધુનિક મુસાફરી સુવિધા મળશે તેમજ વિસ્તારમાં ઉદ્યોગ, લોજિસ્ટિક્સ અને રોજગારમાં પણ નવી ગતિ મળશે.''

તેમણે વધુમાં જણાવ્યું કે વિશ્વનો પ્રથમ બ્રોડગેજ સેમી હાઈ-સ્પીડ રેલ કોરિડોર હવે ગુજરાતમાં બનવા જઈ રહ્યો છે. પ્રથમ વખત વિશ્વમાં કોઈ સેમી હાઈ-સ્પીડ ટ્રેન ૨૨૦ કિમી પ્રતિ કલાકની ઝડપે બ્રોડગેજ ટ્રેક પર દોડશે. આ સમગ્ર પ્રોજેક્ટ અને ટ્રેન સંપૂર્ણપણે ''મેક ઈન ઈન્ડિયા'' ટેકનોલોજી પર આધારિત હશે. ટ્રેનમાં અત્યાધુનિક ''કવચ ૫.૦'' સુરક્ષા પ્રણાલી સ્થાપિત કરવામાં આવશે, જેના દ્વારા સુરક્ષા અને ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શનનું નવું માનક સ્થાપિત થશે. અત્યાર સુધી વિશ્વમાં સેમી હાઈ-સ્પીડ ટ્રેનો મુખ્યત્વે સ્ટાન્ડર્ડ ગેજ પર ચાલતી રહી છે, પરંતુ ભારત પ્રથમ વખત બ્રોડગેજ નેટવર્ક પર ૨૨૦ કિમી પ્રતિ કલાકની ગતિનું સફળ મોડલ વિકસાવવા જઈ રહ્યું છે. આ માત્ર એક રેલ પ્રોજેક્ટ નથી, પરંતુ ભારતીય એન્જિનિયરિંગ, આત્મનિર્ભરતા અને રેલવે આધુનિકીકરણનો ઐતિહાસિક અધ્યાય છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ અમદાવાદ અને ધોલેરા વચ્ચેનો મુસાફરી સમય ઘટીને લગભગ ૧ કલાકથી પણ ઓછો રહેશે તેમજ ધોલેરાને સીધા અમદાવાદ–મુંબઈ હાઈ સ્પીડ રેલ કોરિડોર સાથે જોડવામાં પણ મદદ મળશે.

પ્રોજેક્ટના મુખ્ય લાભો

★ અંદાજે ૨૮૪ ગામો અને ૫ લાખથી વધુ વસ્તીને સીધો લાભ

★ દર વર્ષે અંદાજે ૨૦ લાખ ટન વધારાની માલવહન ક્ષમતા

★ લોજિસ્ટિક ખર્ચમાં દર વર્ષે અંદાજે રૂા.૫૪ કરોડની બચત

★ નિર્માણ તબક્કામાં અંદાજે ૯૧ લાખ માનવ-દિવસ રોજગાર સર્જન

★ અંદાજે ૦.૪૮ કરોડ લિટર ઈંધણની વાર્ષિક બચત

★ અંદાજે ૨ કરોડ કિલોગ્રામ $CO_2$ ઉત્સર્જનમાં ઘટાડો — જે લગભગ ૧૦ લાખ વૃક્ષારોપણ જેટલા પર્યાવરણલક્ષી લાભ સમાન છે

* સાબરમતી, ગાંધીગ્રામ અને વસ્ત્રાપુર સ્ટેશનો પર મેટ્રો નેટવર્ક સાથે એકીકરણ

★ સાબરમતી સ્ટેશન પર બુલેટ ટ્રેન કનેક્ટિવિટી

★ મોરૈયા (સાણંદ) ખાતે ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર અને ભીમનાથ લોજિસ્ટિક હબ સાથે જોડાણ

આ પ્રોજેક્ટ પ્રધાનમંત્રી ગતિ શક્તિ નેશનલ માસ્ટર પ્લાન અનુસાર વિકસાવવામાં આવી રહ્યો છે, જેનો હેતુ મલ્ટી-મોડલ કનેક્ટિવિટીને મજબૂત બનાવવાનો અને ભારતની લોજિસ્ટિક કાર્યક્ષમતાને નવી ઊંચાઈએ પહોંચાડવાનો છે. આ કોરિડોર ગુજરાતને આધુનિક, હરિત અને ઉચ્ચ ગતિના પરિવહન ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નવા યુગમાં પ્રવેશ કરાવતી ઐતિહાસિક પહેલ સાબિત થશે.

### પકડાઈ જાય તો બહેરા-મૂંગા હોવાનો ઢોંગ કરતી

# ભિક્ષાના બહાને PGમાં ચોરી કરતી બે સગી બહેનો ઝડપાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરના પોશ વિસ્તારોમાં ભિક્ષા માગવાના બહાને ચોરી કરતી બે સગી બહેનોની વસ્ત્રાપુર પોલીસે અટકાયત કરી છે. બંને મહિલાઓ પોશ વિસ્તારો અને પીજીમાં ભિક્ષા માંગવાના બહાને ઘૂસી જતી અને તકનો લાભ ઉઠાવી કોઈપણ વસ્તુ ઉઠાવી ત્યાંથી ફરાર થઈ જતી હતી. જો કોઈ ચોરી કરતાં પકડી લે તો નાગપુરના આનંદ મિશન આશ્રમ નામનું એક કાર્ડ બતાવીને બહેરા મૂંગા હોવાનો ઢોંગ કરતા હતા. વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલી માધવ પીજીમાં થોડા દિવસો પહેલા એક કિંમતી મોબાઈલ ફોનની ચોરી થઈ હતી. આ મામલે પોલીસે સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી તપાસ હાથ ધરી હતી, જેમાં બે શંકાસ્પદ મહિલા દેખાઈ હતી. જે બાદ પોલીસે તપાસ હાથ ધરી બે શંકાસ્પદ જણાતી મહિલાઓની અટકાયત કરી હતી. આરોપીની તપાસ કરતાં બંને સગી બહેનો અને શાતિર ચોર હોવાનું સામે આવ્યું હતું.બંને બહેનો વસ્ત્રાપુર તેમજ આસપાસના વિસ્તારમાં આવેલા પીજીમાં જતી હતી અને ત્યારબાદ દરવાજો ખુલ્લો હોય ત્યારે ચોરી કરી લેતી હતી. જો કોઈપણ વ્યક્તિ ચોરી કરતા પકડી લેતો તેઓને તો નાગપુરના આનંદ મિશન આશ્રમ નામનું એક કાર્ડ બતાવીને બહેરા મૂંગા હોવાનો ઢોંગ કરતા હતા. બંને મહિલાઓ સગી બહેનો છે અને ડિવોર્સી છે. અને શહેરના અલગ અલગ વિસ્તારો જઈને ભીખ માંગવાનો ડોળ કરી અને ત્યારબાદ કોઈપણ વસ્તુની ચોરી પણ કરી લેતી હતી.

# સરકારી શટડાઉનમાં હવે અમેરિકન સેનેટરોને વેતન ભથ્થાં નહીં મળે

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકાના ભાવિ શટડાઉનમાં હવે સેનેટરોને પણ તેમના વેતન અને ભથ્થાં નહીં મળે. આ માટેની તૈયારી આદરવામાઁ આવી ચૂકી છે. સેનેટે પોતે જ સરકારી શટડાઉન દરમિયાન સેનેટરોના વેતન અને ભથ્થાં અટકાવતો વિથહોલ્ડ પેનો ઠરાવ ૯૯-૦થી પસાર કર્યો હતો. જ્યારે રિપબ્લિકન સેનેટર પીટ રિકેટ્સ હાજર રહ્યા ન હતો. આ ઠરાવ લુઈસિયાના રિપબ્લિકન સેનેટર જોન કેનેડીએ રજૂ કર્યો હતો.આ ઠરાવ મંજૂર કે નામંજૂર કરવાની પ્રક્રિયામાં એક જણે એક જ મત આપવાનો હતો. આ ઠરાવ હવે કાયદો બનવાની અંતિમ પ્રક્રિયા તરફ આગળ ધપી રહ્યો છે. તે જબરદસ્ત સમર્થન સાથે પસાર થાય તેવી સંભાવના છે. આ ઠરાવ કાયદો બન્યા બાદ નવેમ્બર ૨૦૨૬ની ચૂંટણી પછી તેનો અમલ શરુ થઈ શકે છે. તેમા હવે સ્પષ્ટપણે સુનિશ્ચિત થઈ ચૂક્યું છે કે ભવિષ્યમાં જ્યારે પણ ફેડરલ ગવર્નમેન્ટનું શટડાઉન થાય ત્યારે સેનેટરોને મળતાં વેતન અને ભથ્થાં પણ તેટલા સમયગાળા માટે અટકાવવા. આ અટકેલા વેતન અને ભથ્થા સરકારી શટડાઉન ખૂલે ત્યારે જારી કરવામાં આવશે.હવે નીચલા ગૃહમાં આ ઠરાવ ક્યારે પાસ થશે તે નક્કી થયું નથી. આ ઠરાવની તરફેણમાં મતદાન કરતી વખતે સેનેટ ફ્લોર પર કેનેડીએ જણાવ્યું હતું કે આ નિયમ બીજું કશું જ નહીં પણ બધાને એક સમાન ધોરણે કાયદો લાગુ પાડવાની વાત છે.કેનેડીનો આ ઠરાવ ત્યારે આવ્યો છે જ્યારે ગયા વર્ષે એફોર્ડેબલ કેર એક્ટ સબસિડીઝના મુદ્દે ડેમોક્રેટ્સ અને રિપબ્લિકન વચ્ચે મડાગાંઠ સર્જાતા ૪૩ દિવસ શટડાઉન રહ્યુ હતું. તે સમયે લગભગ ૬.૭૦ લાખ ફેડરલ વર્કરો ફર્લો પર હતા. ૬૦ હજાર કામદારોએ જોબ ગુમાવી હતી. પૂરક પોષણ સહાય કાર્યક્રમના પ્રતિસાદીઓએ તેમના ફાયદા ગુમાવ્યા હતા. આમ કોઈ સરકારી કર્મચારી કે વિભાગને સમખાવા પૂરતો ડોલર પણ મળી રહ્યો ન હતો. આ સંજોગોમાં યુએસ કોંગ્રેસના સભ્યોને ચૂકવણી ચાલુ હતી.

આમ શટડાઉનની વિપરીત સ્થિતિમાં પણ યુએસ કોંગ્રેસના સભ્યોની નાણાકીય સવલતો ચાલુ રહી હતી, જ્યારે સામાન્ય લોકો તકલીફોમાં હતા. આ વિસંગતિનો આખા દેશમાં મોટાપાયા પર વિરોધ થવાના લીધે છેવટે અમેરિકન સેનેટમાં આ બિલ લાવવામાં આવ્યું છે. અમેરિકનોમાં તે માનસિકતા મજબૂત બનતી જતી હતી કે આ બધા કિંગ છે અને અમે ગુલામ છીએ. તુમ્હારા ખૂન ખૂન, ઔર હમારા ખૂન પાની જેવો ઘાટ સર્જાતા અમેરિકનોમાં આક્રોશ હતો. આ સ્થિતિ દર શટડાઉન વખતે જોવા મળતી હતી. છેવટે અમેરિકનોના વધેલા જનદબામના કારણે શાસક પક્ષના સેનેટર કેનેડી જ આ દરખાસ્ત લાવ્યા હતા, જેને દરેક સેનેટરે મંજૂર કરી દીધી છે. અહીં તે યાદ રાખવું જરૂરી છે કે તેમને શટડાઉન દરમિયાન તેમને મળતા પેમેન્ટ અને ભથ્થા બંધ થયા નથી, ફક્ત અટક્યા છે અને શટડાઉન ખૂલવાની સાથે તે બીજા વર્કરોને મળે છે તેમ મળી પણ જશે. કેટલી આશ્ચર્યની વાત છે અમેરિકામાં પોતાના જ વેતન અને ભથ્થાંને અટકાવવા માટે શાસક-વિપક્ષ બંનેએ તેની તરફેણમાં મતદાન કર્યુ. જ્યારે ભારતીય સાંસદોમાં વિપરીત વલણ જોવા મળે છે. દરેક પ્રજાકીય કાર્ય માટે હંમેશા બાખડતા શાસક-વિપક્ષ જ્યારે તેમના વેતન અને ભથ્થામાં વધારાની વાત આવે ત્યારે એકમત હોય છે.

### કેરળમાં શપથ ગ્રહણ સમારોહની તૈયારીઓ શરૂ

# વી.ડી. સતીશન સોમવારે મુખ્યમંત્રી તરીકે શપથ લેશે

(સંપૂર્ણ સમાચાર સેવા)કેરલમ

કેરળમાં મુખ્યમંત્રી પદના ચહેરાની જાહેરાત સાથે, શપથ ગ્રહણ સમારોહનો સમય પણ સ્પષ્ટ થઈ ગયો છે. વીડી સતીસન સોમવારે મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. આનાથી લાંબા સમય પછી કેરળમાં કોંગ્રેસ પાર્ટી સત્તામાં પરત ફરશે. કેરળમાં મુખ્યમંત્રી પદ સંભાળનારા છેલ્લા કોંગ્રેસી મુખ્યમંત્રી ઓમન ચાંડી ૨૦૧૧માં હતા. તિરુવનંતપુરમના સેન્ટ્રલ સ્ટેડિયમમાં શપથ ગ્રહણ સમારોહની તૈયારીઓ ચાલી રહી છે. વીડી સતીસનની સાથે, સમગ્ર મંત્રીમંડળ શપથ લે તેવી અપેક્ષા છે. યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટનું નેતૃત્વ અહીં મંત્રીમંડળના માળખાને અંતિમ સ્વરૂપ આપવા માટે બેઠક કરી રહ્યું છે, જેમાં તમામ સાથી પક્ષોના મંત્રીઓની સંખ્યા અંગે ચર્ચા કરવામાં આવી રહી છે.

શપથ ગ્રહણ સમારોહની સાથે, કોંગ્રેસ પણ સમારોહમાં પોતાની શક્તિ પ્રદર્શન કરશે, જેમાં આશરે ૧૦૦,૦૦૦ની જનમેજદની ઉમટવાની અપેક્ષા છે.

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી અને કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રા સમારોહમાં હાજરી આપે તેવી અપેક્ષા છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ, તેમજ કર્ણાટક અને તેલંગાણાના મુખ્યમંત્રીઓ પણ ભાગ લેશે.

કોંગ્રેસના નેતૃત્વ હેઠળના યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (યુડીએફ) એ કેરળમાં બહુમતી મેળવી છે. યુડીએફે ૧૪૦ સભ્યોની વિધાનસભામાં ૧૦૨ બેઠકો જીતીને બહુમતીનો આંકડો પાર કર્યો છે, જેમાં કોંગ્રેસે એકલા ૬૩ બેઠકો જીતી છે. લગભગ દસ દિવસની સસ્પેન્સ, પડદા પાછળની વાટાઘાટો અને દિલ્હી અને કેરળમાં નાટકીય વળાંકો પછી, કોંગ્રેસ હાઈકમાન્ડે વીડી સતીસનને મુખ્ય પ્રધાન તરીકે પસંદ કર્યા. સતીસનના પક્ષમાં આ નિર્ણય કોંગ્રેસ હાઈકમાન્ડની અંદર ચર્ચા-વિચારણા પછી આવ્યો છે. ગુરુવારે સવારે કેસી વેણુગોપાલને દિલ્હીમાં રાહુલ ગાંધીના નિવાસસ્થાને બોલાવવામાં આવ્યા ત્યારે વાટાઘાટોનો મહત્વપૂર્ણ રાઉન્ડ શરૂ થયો. લગભગ ત્રણ કલાક ચાલેલી ચર્ચા દરમિયાન, રાહુલ ગાંધીએ વેણુગોપાલને જાણ કરી હતી કે, નેતૃત્વએ સતીશનને ટોચના પદ માટે ટેકો આપવાનો નિર્ણય લીધો છે. પ્રિયંકા ગાંધી પણ પક્ષમાં સર્વસંમતિ બનાવવાના પ્રયાસોમાં જોડાયા હતા.

રાહુલ ગાંધીએ બાદમાં રમેશ ચેન્નીથલા સાથે વાત કરી. જોકે, એવું માનવામાં આવે છે કે, તેમણે આ નિર્ણય પર ભારે નારાજગી વ્યક્ત કરી હતી. આ દરમિયાન, મુકુલ વાસનિક, અજય માકન, જયરામ રમેશ અને દીપા દાસમુન્શી સહિતના વરિષ્ઠ નેતાઓ ખડગેના નિવાસસ્થાને પહોંચ્યા, જ્યાં જાહેરાતને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું. વેણુગોપાલે જાહેરમાં વીડી સતીશનને મુખ્યમંત્રી તરીકે જાહેર કર્યા, જેનાથી પક્ષમાં ચાલી રહેલા મડાગાંઠનો અંત આવ્યો.

### AIના સચોટ ઉપયોગ થકી આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસ અને સશક્તીકરણની પ્રક્રિયાને વધુ વેગવંતી બનાવી શકાશેઃ કાર્યપાલક નિયામક ડૉ. સી. સી. ચૌધરી

# જનજાતીય ગરિમા ઉત્સવ અંતર્ગત "AI નો આદિજાતિ વિકાસમાં ઉપયોગ" વિષય પર એક દિવસીય સેમિનારનું ગાંધીનગર ખાતે કરાયું આયોજન

### વહીવટી પ્રક્રિયાઓને વધુ સુદ્રઢ બનાવવા માટે AI ટેકનોલોજીનો ઉપયોગ કરવાની દિશામાં સઘન પ્રયાસોઃ આદિજાતિ વિકાસ નિયામક શ્રી આશિષ કુમાર

ભારત સરકારના આદિજાતિ બાબતોના મંત્રાલય દ્વારા દેશભરમાં જનજાતીય વસ્તી ધરાવતા રાજ્યોમાં તા. ૧૦ મે થી ૦૯ જૂન, ૨૦૨૬ દરમિયાન 'જનજાતીય ગરિમા ઉત્સવ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણીના ભાગરૂપે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશ પટેલના નેતૃત્વમાં ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી-TRI દ્વારા બિરસા મુંડા ભવન, ગાંધીનગર ખાતે આજે 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ-AIનો આદિજાતિ વિકાસમાં ઉપયોગ' વિષય પર એક વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આદિજાતિ વિકાસ વિભાગના નિયામક શ્રી આશિષ કુમાર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આદિજાતિ વિકાસ વિભાગના નિયામક શ્રી આશિષ કુમારે જણાવ્યું હતું કે, વહીવટી પ્રક્રિયાઓને વધુ સુદ્રઢ બનાવવા આશ્રમશાળાઓ, સરકારી હોસ્ટેલો અને ક્લાસરૂમના ડેઈલી મોનિટરિંગ માટે AI ટેકનોલોજીનો ઉપયોગ કરવાની દિશામાં સઘન પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. સરકારી વિભાગો પાસે ઉપલબ્ધ વિશાળ ડેટા સેટ્સ, લાભાર્થીઓની માહિતી અને વિદ્યાર્થીઓના ડેટાનું સચોટ એનાલિસિસ કરવા માટે AI અત્યંત ઉપયોગી સાબિત થશે. તેમણે કર્મયોગીઓને આહવાન કર્યું હતું કે, જો તેમની પાસે વહીવટી સુધારણા કે મોનિટરિંગને લગતા કોઈ મજબૂત પ્રોબ્લેમ સ્ટેટમેન્ટ્સ હોય, તો તેના સ્માર્ટ સોલ્યુશન્સ તૈયાર કરવા જેથી તેને વ્યાપક સ્તરે લાગુ કરી શકાય.

નિયામકશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, સરકારી કામગીરીની ગુણવત્તા, ગતિ અને સચોટતા વધારવા માટે ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ સમયની માંગ છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ચેટજીપીટી જેવા આધુનિક મોડલ્સના આગમન સાથે વૈશ્વિક સ્તરે ટેકનોલોજીની સ્પીડ ખૂબ જ ઝડપી બની છે, જેની સીધી અસર આપણા વહીવટી અને રોજબરોજના જીવન પર પણ પડી રહી છે. સરકારી કચેરીઓમાં AI એ માનવ શ્રમનો વિકલ્પ નથી, પરંતુ કર્મચારીઓની ક્ષમતા અને કામની સ્પીડ વધારવા માટેનું એક શ્રેષ્ઠ માધ્યમ સાબિત થઈ શકે તેમ છે.



નિયામકશ્રીએ સમય સાથે કદમ મિલાવવા અને પોતાની ક્ષમતા વર્ધન માટે તમામ અધિકારીઓ અને કર્મચારીઓને iGOT કર્મયોગી પોર્ટલ પર ઉપલબ્ધ કોર્સીસનો મહત્તમ લાભ લેવા ખાસ તાકીદ કરી હતી. આ પોર્ટલ પર પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓ દ્વારા તૈયાર કરાયેલા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના સ્પેશિયલ કસ્ટમાઈઝ્ડ કોર્સ વિનામૂલ્યે ઉપલબ્ધ છે, જે પરફોર્મન્સ એપ્રેઝલ માટે પણ મહત્વના છે. બદલાતા સમયમાં ટેકનોલોજીથી સુસજ્જ બનીને સરકારી સેવાઓને વધુ લોકાભિમુખ અને પારદર્શક બનાવવા માટે આ AI કોર્સ ખૂબ મહત્વના છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

આ કાર્યક્રમમાં ટ્રાયબલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, ગુજરાતના કાર્યપાલક નિયામક ડૉ. સી. સી. ચૌધરીએ કહ્યું હતું કે, ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ, સ્વાસ્થ્ય અને કલ્યાણકારી યોજનાઓના પરિણામલક્ષી પ્રભાવને છેવાડાના માનવી સુધી ઝડપથી પહોંચાડવા માટે ટેકનોલોજી એક શક્તિશાળી માધ્યમ સાબિત થશે. આ ઉપરાંત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની યોગ્ય સાવચેતી સાથે અને સચોટ ઉપયોગ દ્વારા આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસ અને સશક્તીકરણની પ્રક્રિયાને વધુ વેગવંતી બનાવી શકાશે.

ડૉ. ચૌધરીએ વધુમાં, જણાવ્યું હતું કે, 'જનજાતીય ગરિમા ઉત્સવ'ની ઉજવણીના ભાગરૂપે આગામી તા. ૨૫ થી ૩૧ મે, ૨૦૨૬ દરમિયાન સામાજિક સેવા, શિક્ષણ, પરંપરાગત જ્ઞાન અને સમુદાય નેતૃત્વ જેવા ક્ષેત્રોમાં પાયાનું પ્રદાન આપનાર અંદાજે ૨૦-૩૦ જેટલા આદિવાસી સમાજના 'અનસંગ હીરોઝ'ની ઓળખ કરી તેઓનું વિશેષ સન્માન કરવામાં આવશે. આ સત્ર દરમિયાન IIT ગાંધીનગર અને ગિફ્ટ ઈન્ટરનેશનલ ફિનટેક ઈન્સ્ટિટ્યુટના યુવા ફેકલ્ટી શ્રી નિવિદ દેસાઈ દ્વારા આદિવાસી કલ્યાણ ક્ષેત્રે કાર્યરત અધિકારીઓને આધુનિક ટેકનોલોજી 'જનરેટિવ AI' થી અવગત કરવામાં આવ્યા હતા. આ ટેકનોલોજી દ્વારા કેવી રીતે આદિવાસી વિસ્તારોમાં યોજનાઓનો પ્રચાર-પ્રસાર વધારી શકાય અને તેમની પોતાની ભાષામાં સંવાદ સાધી શકાય તે અંગે ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે સરકારી પરિપત્રો તૈયાર કરવા, જટિલ પોલિસીઓને સરળ ભાષામાં અનુવાદિત કરવી અને નાગરિકોના પ્રશ્નોના ત્વરિત જવાબ આપવામાં AI કેવી રીતે મદદરૂપ થઈ શકે તેની વિસ્તૃતમાં સમજ આપી હતી. આ કાર્યક્રમમાં જોઈન્ટ કમિશનર, ડેપ્યુટી કમિશનર સહિત વિવિધ શાખાના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. - જીગર બારોટ


ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક



PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


# વિક્લી માર્કેટ રિપોર્ટ: સપ્તાહ દરમિયાન સોનાના વાયદામાં રૂ.૯૭૧૭ અને ચાંદીના વાયદામાં રૂ.૩૨૫૬૨નો જંગી ઉછાળો: ક્રૂડ તેલના વાયદામાં રૂ.૫૮૧ની તેજી

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૯૧૯૯૮ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૪૧૭૯૧૪૧ કરોડનું સાપ્તાહિક ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૭૩૯૦૪ કરોડનાં સાપ્તાહિક કામકાજ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર ૮થી ૧૪ મેના સપ્તાહ દરમિયાન વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૪૫૭૧૧૪૨.૭૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૯૧૯૯૮.૬૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૪૧૭૯૧૪૧.૯૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી ઓપ્શન્સમાં સાપ્તાહિક ધોરણે કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૫૨૭૩૦.૩ કરોડનું થયું હતું. સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૭૩૯૦૪.૩૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૨૬૭૨ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૬૪૪૯૭ અને નીચામાં રૂ.૧૫૧૫૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૫૨૨૬૧ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૯૭૧૭ના ઉછાળા સાથે રૂ.૧૬૧૯૭૮ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની મે વાયદો સપ્તાહના અંતે ૮ ગ્રામદીઠ રૂ.૭૩૦૪ની તેજી સાથે રૂ.૧૨૯૮૮૫ના ભાવે બંધ થયો હતો.

ગોલ્ડ-પેટલ મે વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૯૦૨ ઊછળી સપ્તાહના અંતે રૂ.૧૬૨૬૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જૂન વાયદો સપ્તાહના અંતે ૧૦ ગ્રામદીઠ રૂ.૯૨૭૭ની વૃદ્ધિ સાથે રૂ.૧૬૧૪૫૩ થયો હતો. ગોલ્ડ-ટેન મે વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૨૮૩૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૬૩૪૭૫ અને નીચામાં રૂ.૧૫૧૬૮૪ના મથાળે અથડાઈ, રૂ.૧૫૨૪૬૧ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૯૨૦૩ના ઉછાળા સાથે રૂ.૧૬૧૬૬૪ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૨૫૯૯૯૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૩૦૪૮૯૧ અને નીચામાં રૂ.૨૫૮૪૨૬ના સ્તરને સ્પર્શી, રૂ.૨૫૮૫૪૦ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૩૨૫૬૨ના ઉછાળા સાથે રૂ.૨૯૧૧૦૨ના સ્તરે પહોંચ્યો હતો. સપ્તાહના અંતે કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.૩૨૨૬૪ની તેજી સાથે રૂ.૨૯૩૪૮૧ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.૩૨૨૫૭ ઊછળી સપ્તાહના અંતે રૂ.૨૯૩૪૮૩ થયો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ.૪૮૨૪૭.૭૨ કરોડનાં કામકાજ થયાં હતાં. સપ્તાહના અંતે કિલોદીઠ તાંબું મે વાયદો રૂ.૮૧.૨




વધી રૂ.૧૩૮૫.૪૫ના સ્તરે પહોંચ્યો હતો. જસત મે વાયદો રૂ.૧૯.૭ વધી સપ્તાહના અંતે રૂ.૩૬૭.૪ના ભાવે બંધ થયો હતો. એલ્યુમિનિયમ મે વાયદો રૂ.૧૮.૫૫ વધી રૂ.૩૮૫.૫ના ભાવે સપ્તાહના અંતે બોલાયો હતો. સીસું મે વાયદો રૂ.૩.૪ વધી સપ્તાહના અંતે રૂ.૨૦૩.૬ના ભાવે બંધ થયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ.૬૯૮૨૭.૦૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી મે વાયદો સપ્તાહના પ્રારંભે એમડબલ્યુએચદીઠ રૂ.૪૭૩૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૪૭૫૦ અને નીચામાં રૂ.૪૪૮૦ના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે રૂ.૨૦૫ના ભાવઘટાડા સાથે રૂ.૪૫૧૨ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ જૂન વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૮૭૫૪ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૯૫૨૫ અને નીચામાં રૂ.૮૫૮૦ના સ્તરને સ્પર્શી, રૂ.૮૭૬૯ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૫૮૧ની વૃદ્ધિ સાથે રૂ.૯૩૫૦ના ભાવે બંધ થયો હતો. ક્રૂડ તેલ-મિની જૂન વાયદો સપ્તાહના અંતે રૂ.૫૮૬ વધી રૂ.૯૩૪૮ થયો હતો. નેચરલ ગેસ મે વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧૩.૫ વધી સપ્તાહના અંતે રૂ.૨૭૭.૪ થયો હતો. નેચરલ ગેસ-મિની મે વાયદો રૂ.૧૩.૪ વધી રૂ.૨૭૭.૪ના સ્તરે સપ્તાહના અંતે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ મે વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૯૮૮.૮ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૬.૯ વધી રૂ.૯૯૪.૫ થયો હતો. એલચી મે વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૨૭૪૨ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧ ઘટી રૂ.૨૭૪૯ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૨૯૬૮૭.૬૬ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૧૪૪૨૧૬.૭૧ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૩૯૨૮૭.૭૧ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૪૫૭૨.૫૧ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૨૧૬.૮૮ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૪૦૭૯.૩૦ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૧૭૯.૪૬ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૪૩૩૩૧.૧૬ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૨૬૩૧૬.૪૫ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૧૮.૧૪ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૧.૩૪ કરોડનાં કામ થયાં હતાં.

સપ્તાહના અંતે ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૭૯૨૪ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૩૯૯૮૫ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૯૦૯૫ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૧૦૬૧૪૬ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૧૮૮૪૭ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૮૩૫૫ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૭૩૩૧ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૪૫૧૯૨ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૫૮૪ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૮૧૫૩ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૦૧૮૯ લોટના સ્તરે રહ્યો હતો.

### કલેક્ટર કચેરી ખાતે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ સાથે પ્રભારી સચિવશ્રીના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ

## પ્રજાલક્ષી કામો ઝડપથી પૂર્ણ કરવા અને શિક્ષણ-આંગણવાડી પર વિશેષ ભાર મૂકતા મહીસાગર જિલ્લા પ્રભારી સચિવશ્રી કે. એલ. બચાણી

મહીસાગર જિલ્લા પ્રભારી સચિવશ્રી કે. એલ. બચાણીના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ સાથે એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લામાં અમલી વિવિધ પ્રજાહિતલક્ષી યોજનાઓની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી અને વહીવટી કામગીરીને વધુ વેગવંતી બનાવવા જરૂરી દિશાનિર્દેશો આપવામાં આવ્યા હતા.

આ સમીક્ષા બેઠકમાં પ્રભારી સચિવશ્રીએ શિક્ષણ પર સૌથી વધુ ભાર મૂકતા જણાવ્યું હતું કે, "શિક્ષણનો પાયો મજબૂત હશે તો જ આપણે પ્રગતિના પંથે આગળ વધી શકીશું." તેમણે 'બેક ટુ સ્કૂલ' (Back to School) ઝુંબેશ અંતર્ગત શાળા પ્રવેશોત્સવ પૂર્વે સર્વેની કામગીરી પૂર્ણ થાય અને શાળામાં ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા અને બાળકોને ફરીથી શાળામાં લાવવા સઘન પ્રયત્નો કરવા સૂચન કર્યું હતું. આ સાથે જ 'ઉલ્લાસ નવભારત અભિયાન' અંતર્ગત જે લોકો પર વધુ ધ્યાન આપવાની જરૂર છે, તેમના પર વિશેષ લક્ષ્ય કેન્દ્રિત કરવા જણાવ્યું હતું.

આ ઉપરાંત, 'પ્રોજેક્ટ સહકાર' હેઠળ 'એડોપ્ટ આંગણવાડી' (આંગણવાડી દત્તક લેવી) કાર્યક્રમમાં વધુ સક્રિયતા દાખવવા સૂચનો કર્યા હતા. તેમણે આ કાર્યને એક સેવાનું માધ્યમ ગણાવતા ઉમેર્યું હતું કે, આંગણવાડી માટે કામ કરવું એ સમાજનું ઋણ અદા કરવાનો એક



ઉત્તમ મોકો છે.નાગરિકોને સરકારી યોજનાઓની સરળતાથી માહિતી મળી રહે તે માટે 'મારી યોજના'નો વધુમાં વધુ લાભ લેવા અને લોકો સુધી તેનો પ્રચાર કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો, જેથી છેવાડાના માનવી સુધી તમામ યોજનાઓ પહોંચી શકે અને પ્રજાલક્ષી કામો ઝડપથી પૂર્ણ થાય.

આગામી ચોમાસાને ધ્યાનમાં રાખીને પ્રિ-મોન્સુન કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરતા પ્રભારી સચિવશ્રીએ તાકીદ કરી હતી કે, ભૂતકાળના ડેટાના આધારે જે વિસ્તારોમાં વધુ તકલીફો પડી હોય તેનું અગાઉથી જ સુદ્રઢ પ્લાનિંગ કરવું અત્યંત જરૂરી છે. તેમણે આપત્તિ વ્યવસ્થાપન માટે નવા સાધનોની ઉપલબ્ધિ, સંબંધિત અધિકારીઓનું લિસ્ટ અને 'આપદા મિત્ર' ની યાદી સતત અપડેટ રાખવા સૂચના આપી હતી. આ સાથે માર્ગ અને મકાન વિભાગ,વન વિભાગ, mgvcl વિભાગ અને અન્ય વિભાગ દ્વારા કરવામાં આવતી ચોમાસા પૂર્વેની કામગીરીની પણ સઘન સમીક્ષા કરી તાકીદ કરી હતી.

વધુમાં પ્રભારી સચિવશ્રી દ્વારા જિલ્લાના વિવિધ નેગેટિવ સમાચારની સમીક્ષા કરતા અધિકારીશ્રીઓને નિરાકરણ માટે સૂચનો કર્યા હતા. આ બેઠકમાં મહીસાગર જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી યુવરાજ સિદ્ધાર્થ, નિવાસી અધિક કલેક્ટરશ્રી સી. વી. લટા સહિત જિલ્લા સંકલન સમિતિના તમામ અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વિશ્વ પર્યાવરણ દિવસ અભિયાન ૨૦૨૬ અંતર્ગત ભાવનગર મંડળમાં પર્યાવરણ સંરક્ષણની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી





ભારતીય રેલવે દ્વારા ૧૫ મે થી ૫ જૂન ૨૦૨૬ દરમિયાન આયોજિત કરવામાં આવી રહેલા વિશ્વ પર્યાવરણ દિવસ અભિયાનના પ્રારંભ અવસરે શુક્રવાર, તા. ૧૫ મે ૨૦૨૬ના રોજ ભાવનગર મંડળ રેલ પ્રબંધક કચેરીના પરિસરમાં પ્રતિજ્ઞા ગ્રહણ કાર્યક્રમ યોજાયો હતો.

આ અવસરે શ્રી ઋત્વિક શર્મા, અપર મંડલ રેલ પ્રબંધકે મંડળ કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓને પર્યાવરણ સંરક્ષણ, સ્વચ્છતા તથા કુદરતી સંસાધનોના સંવર્ધન પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા પુનઃ દોહરાવવા માટે પ્રતિજ્ઞા લેવડાવી.

પ્રતિજ્ઞા દ્વારા ઉપસ્થિત તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ પર્યાવરણ સંરક્ષણને પોતાના દૈનિક જીવનનો અભિન્ન ભાગ બનાવવા, પાણી અને ઊર્જાની બચત કરવા, પ્લાસ્ટિકના ઉપયોગમાં ઘટાડો કરવા, સ્વચ્છતા જાળવવા તેમજ હરિત અને ટકાઉ જીવનશૈલી અપનાવવાનો સંકલ્પ કર્યો. આ અભિયાન ભારતીય રેલવેના તમામ મંડળો અને કાર્યશાળાઓમાં ૧૫ મે થી ૫ જૂન ૨૦૨૬ દરમિયાન યોજાઈ રહ્યું છે. તેનો મુખ્ય હેતુ પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતિ વધારવાનો તથા Mission LiFEના સિદ્ધાંતોને જનજન સુધી પહોંચાડવાનો છે. આ અવધિ દરમિયાન જાગૃતિ કાર્યક્રમો, સ્વચ્છતા અભિયાન, કચરા વ્યવસ્થાપન, પાણી અને ઊર્જા સંરક્ષણ તથા હરિત કામગીરી સંબંધિત વિવિધ પ્રવૃત્તિઓ યોજવામાં આવશે. ભાવનગર મંડળ પર્યાવરણ સંરક્ષણ અને ટકાઉ વિકાસ માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. આ અભિયાન દ્વારા કર્મચારીઓ તેમજ સામાન્ય જનતામાં પર્યાવરણ પ્રત્યે જવાબદારીની ભાવનાને વધુ મજબૂત બનાવવામાં આવશે.

### વિદ્યાર્થીઓએ વ્યક્ત કર્યો હૃદયસ્પર્શી આભાર

## વિદ્યાર્થીઓનું સશક્ત ભવિષ્ય જ રાજ્યની સાચી સંપત્તિ છે'' : આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરિયા

### સિદ્ધપુર ડેન્ટલ કોલેજના ઈન્ટર્ન ડોક્ટરોને મોટી ભેટ સ્ટાઈપેન્ડમાં ઐતિહાસિક વધારો

સિદ્ધપુર ડેન્ટલ કોલેજ એન્ડ હોસ્પિટલના ઈન્ટર્ન ડોક્ટરો માટે રાજ્ય સરકારશ્રીએ સંવેદનાથી ભરેલો અને વિદ્યાર્થીઓના ભવિષ્યને મજબૂત બનાવતો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. અગાઉ માસિક રૂ. ૧૨,૦૦૦ મળતું સ્ટાઈપેન્ડ હવે વધારીને રૂ. ૨૦,૧૬૦ કરવામાં આવ્યું છે, જેને કારણે સમગ્ર કોલેજ પરિવારમાં આનંદ અને ગૌરવની લાગણી પ્રસરી ગઈ છે.

કોલેજના ડીનશ્રી અને વહીવટી વિભાગ દ્વારા ગુજરાતના લોકપ્રિય અને વિદ્યાર્થીહિતેચ્છુ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તથા આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરિયા સમક્ષ ઈન્ટર્ન ડોક્ટરોને સરકારી ધોરણ મુજબ યોગ્ય સ્ટાઈપેન્ડ મળે તે માટે રજૂઆત કરવામાં આવી હતી. સરકારશ્રીએ વિદ્યાર્થીઓની લાગણી અને પરિશ્રમને સમજતા માંગણીને સકારાત્મક સ્વીકારી આ વધારો જાહેર કર્યો છે. ઈન્ટર્નશિપ દરમિયાન



દિવસ-રાત દર્દીઓની સેવા આપતા યુવા ડોક્ટરો માટે આ નિર્ણય માત્ર આર્થિક સહારો નથી, પરંતુ તેમની મહેનત, સમર્પણ અને સપનાઓને મળેલી સરકારશ્રીની સંવેદનાત્મક કદર છે. આ વધારાથી વિદ્યાર્થીઓમાં નવી ઉર્જા, આત્મવિશ્વાસ અને સેવાભાવ વધુ મજબૂત બનશે. સિદ્ધપુર ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલના સર્વે ડોક્ટર સ્ટાફ, અધિકારીઓ તેમજ વિદ્યાર્થીઓએ રાજ્ય સરકારના આ વિદ્યાર્થીહિતના ઐતિહાસિક નિર્ણયને વધાવી લઈ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તથા આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરિયાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. ''વિદ્યાર્થીઓના સપનાઓને નવી ઉડાન આપતો આ નિર્ણય માત્ર સહાય નહીં, પરંતુ યુવા શક્તિ પ્રત્યે સરકારના વિશ્વાસ અને સંવેદનાનો જીવંત પુરાવો છે.''

## હવે બંગાળના CM શુભેન્દુ અધિકારીના ખાસ નેતા પર જીવલેણ હુમલો કરાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળમાં સત્તા બદલાયા બાદ હજુ પણ ધાક-ધમકી અને હુમલાની ઘટનાઓ સતત બની રહી છે. રિપોર્ટ મુજબ, મેદિનીપુર જિલ્લાના પાંશકુડા વિસ્તારમાં મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીના ખાસ ભાજપ નેતા પ્રોસેનજીત મંડલ પર હુમલો થયો હોવાના અહેવાલો સામે આવ્યા છે. ભાજપ નેતા પ્રોસેનજીત મંડલે આક્ષેપ કર્યો છે કે, તેઓ દક્ષિણ ચચિયારા રોડ પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે તૃણમૂલ કોંગ્રેસ સાથે સંકળાયેલા લોકોએ તેમને અટકાવીને ઘેરી લીધા હતા, પછી બંદૂકનો કૂંદો માર્યા બાદ દંડા વડે ધોલાઈ કરી હતી. એટલું જ નહીં હુમલાખોરોએ તેમને બંદૂક દેખાડીને જાનથી મારવાની ધમકી પણ આપી હતી. જોકે તેઓ ત્યાંથી ભાગવામાં સફળ થયા હતા. ભાજપ નેતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી અનેક લોકોના નામ આપ્યા છે. તેમણે આક્ષેપ કર્યો કે, આરોપીઓ તૃમણૂલ કોંગ્રેસ સાથે જોડાયેલા છે.

### PI-PSI સહિત ૫ કર્મીઓનો આબાદ બચાવ

## સાયલા-ચોટીલા હાઈવે પર પોલીસ વાનને નડ્યો અકસ્માત

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા-ચોટીલા નેશનલ હાઈવે પર પોલીસ પેટ્રોલિંગ દરમિયાન એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.

શાપર ઓવરબ્રિજ પાસે પોલીસ વાનનું ટાયર ઓચિંતું નીકળી જતાં વાન પલટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતમાં વાનમાં સવાર પીઆઈ (PI) અને પીએસઆઈ (PSI) સહિત પાંચ પોલીસ કર્મીઓનો ચમત્કારિક બચાવ થયો છે.

ઘટનાની મળતી માહિતી અનુસાર, સાયલા પોલીસની ટીમ હાઈવે પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન ચોટીલા નેશનલ હાઈવે પર શાપર ઓવર બ્રિજ પાસેથી પસાર થતી વખતે પોલીસ વાનનો ગુટકો તૂટી ગયો હતો. આ યાંત્રિક ખામીને કારણે ચાલુ ગાડીએ એક તરફનું ટાયર નીકળી ગયું હતું, જેને પગલે ચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. બેકાબૂ બનેલી વાન સર્પાકારે રોડ પર રેલાઈને ઓવર બ્રિજની દિવાલ સાથે ધડાકાભેર અથડાઈ હતી અને પલટી ખાઈ ગઈ હતી.

અકસ્માતને પગલે હાઈવે પરથી પસાર થતા વાહનચાલકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. લોકોએ પલટી ખાઈ ગયેલી વાનમાં ફસાયેલા પાંચેય પોલીસકર્મીઓને બહાર કાઢ્યા હતા. આ ઘટનામાં PSI સાંખટ તથા હેડ કોન્સ્ટેબલ ફારુકભાઈને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવતા ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી.

સદનસીબે અકસ્માત સમયે હાઈવે પર ટ્રાફિક ઓછો હોવાથી અન્ય કોઈ વાહન તેની અડફેટે આવ્યું ન હતું, જેના કારણે મોટી જાનહાનિ ટળી હતી. વાનમાં સવાર પીઆઈ ઉપાધ્યાય સહિત તમામ કર્મચારીઓ સુરક્ષિત હોવાનું જાણવા મળ્યું છે.

## સરખેજ-ધોળકા રોડ પર ૨૦ વર્ષીય યુવતીનું કમકમાટીભર્યું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના વેજલપુરમાં રહેતી અને અભ્યાસ અર્થે જતી ૨૦ વર્ષીય યુવતીનું આજે બપોરે સરખેજ-ધોળકા રોડ પર એક ગોઝારા અકસ્માતમાં મોત નીપજ્યું છે.

નવી ફતેવાડી આઝાદનગર બસ સ્ટોપ પાસે એક બેકાબૂ અને પૂરઝડપે આવતા ડમ્પરે યુવતીના એક્ટિવાને અડફેટે લેતા તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.આ ઘટનામાં અકસ્માત સર્જીને અજાણ્યો ડમ્પર ચાલક ફરાર થઈ ગયો છે, જેને ઝડપી પાડવા પોલીસે કાર્યવાહી શરૂ કરી છે. મળતી માહિતી મુજબ, પોલીસ ચોપડે નોંધાયેલી વિગતો અનુસાર, વેજલપુરમાં ગીરા પાર્ક સામે આવેલા ભુમિકા એપાર્ટમેન્ટમાં રહેતી કાવ્યા સુનીલભાઈ પંડ્યા (ઉ.વ. ૨૦) આજે બપોરે ૧૨.૪૫ વાગ્યે પોતાના એક્ટિવા પર ધોળકાના ચલોડા ખાતે આવેલી રાઈ યુનિવર્સિટીમાં જઈ રહી હતી. તે દરમિયાન સરખેજ-ધોળકા રોડ પર નવી ફતેવાડીના આઝાદનગર બસ સ્ટોપ પાસેથી પસાર થતી વખતે પાછળથી બેફામ સ્પીડે આવેલા ડમ્પર ચાલકે તેને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કરથી કાવ્યા રોડ પર પટકાઈ હતી અને ડમ્પર તેના પર ફરી વળતા માથા અને શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના કારણે તેનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જીને નાસી છૂટેલા અજાણ્યા ડમ્પર ચાલક સામે પોલીસે ગુનો નોંધીને આસપાસના વિસ્તારના CCTV ફૂટેજના આધારે આરોપીને પકડી પાડવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

## એક બાઈક પર જતા ૫ મિત્રોને ટ્રેક્ટરે મારી ટક્કર, ૪ના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)લખનૌ

સોશિયલ મીડિયા પર રિલ બનાવવાની ઘેલછામાં જીવ જોખમમાં મૂકવાની ઘટનાઓમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો હોય, તેમ ઉત્તર પ્રદેશમાં ભયાનક અકસ્માત થયો છે. કૌશાંબી જિલ્લામાં બાઈક પર રિલ બનાવવાના ચક્કરમાં ચાર યુવકોના મોત થયા હોવાની દર્દનાક ઘટના બની છે. રિપોર્ટ મુજબ, કરારી જિલ્લાનાં દરિયાપુર ચાર રસ્તા પાસે મોડી સાંજે એક જ બાઈક પર પાંચ યુવકો જઈ રહ્યા હતા, ત્યારે અચાનક તેમની બાઈક ધડાકાભેર ટ્રેક્ટર સાથે અથડાઈ હતી, જેમાં ચારના મોત અને એક યુવક ગંભીર ઈજાગ્રસ્ત થયો છે. અકસ્માત એટલો ભયંકર હતો કે, ચારેય યુવકોના ઘટનાસ્થળે જ મોત થઈ ગયા છે. બાઈક પર સવાર એક યુવકે અકસ્માતના અડધો કલાક પહેલા ફેસબુક પર એક વીડિયો પોસ્ટ કર્યો હતો, જે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં એક જ બાઈક પર પાંચ યુવકો દેખાઈ રહ્યા છે અને તેમાંથી એક યુવક રિલ બનાવતો પણ જોવા મળી રહ્યો છે. અકસ્માતની જાણ થતાં જ પોલીસની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને ચારેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધા છે. પોલીસની પ્રાથમિક તપાસ મુજબ, રાહુલ, આકાશ, અમન અને વિકાસ સહિત પાંચ લોકો એક જ બાઈક પર દરિયાપુર તરફ જઈ રહ્યા હતા, ત્યારે તેમની બાઈકની ટ્રેક્ટર સાથે જોરદાર ટક્કર થઈ હતી. ઘટનામાં ચાર યુવકોના ઘટનાસ્થળ પર જ મોત થયા છે, ત્યારે એક યુવક ગંભીર છે.બાઈકની સ્પીડ એટલી બધી હતી કે, ટક્કરના કારણે ટ્રેક્ટર-ટ્રોલી પણ પલટી ગઈ હતી. ઘટના બાદ ટ્રેક્ટર ચાલક ફરાર થઈ ગયો છે. એસપી સત્યનારાયણ પ્રજાપતે ઘટનાની તપાસ કરવાના આદેશ આપી દીધા છે.


AHMEDABAD JANMARG LIMITED
(A 100% Subsidiary of Ahmedabad Municipal Corporation)
Registered-Office :Dr. Raman Bhai Patel Bhavan, Usmanpura, Ahmedabad-380013,Gujarat,India.
SHORT-TENDER NOTICE No:- 01-2026/27

| Sr. No | Name of Work | Amount (Excluding GST) |
|---|---|---|
| 1 | A.R.C. work for Colour work of railing and and Kerbing in East side BRTS Route and Other BRTS Route in Ahmedabad janmarg Ltd | 80,64,421.79 |

| | |
|---|---|
| Online Tender Submission | Date:- 28.05.2026 upto 18:00 hrs |
| Physical Bid Submission | Date:-29.05.2026 upto 16:00 hrs |
| Details and Tender available on | http://tender.nprocure.com |

Executive Director- AJL& Dy. MC. - AMC



પશ્ચિમ રેલ્વે
સિગ્નલ અને ટેલિકોમ કાર્ય
Dy. CSTE / Works (S & T), બીજો માળ, ડિવિઝનલ રેલ્વે મેનેજર્સ ઓફિસ મુંબઇ સેન્ટ્રલ, મુંબઇ-400 008. ટેન્ડર નંબર આમંત્રિત કરે છે: DYCSTE_Works_PSSA_02R તારીખ: 11/05/2026. કાર્ય અને સ્થાન: મુંબઇ ડિવિઝન, પશ્ચિમ રેલ્વેમાં S & T વિભાગના વિવિધ સિગ્નલિંગ પ્રોજેક્ટ્સ માટે પ્રોજેક્ટ સુપરવિઝન સેવાઓ પૂરી પાડવા માટે પ્રોજેક્ટ સુપરવિઝન સેવાઓ એજન્સીની નિમણૂક આશરે કામની કિંમત: ₹10,08,77,479.68. EMD: ₹ 20,17,600. ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય: તા. 18/06/2026 ના રોજ 15:.00 કલાકે. ટેન્ડર વેબસાઇટ www.ireps.gov.in પર જોઇ શકાય છે. 0099
અમને લાઇક કરો: facebook.com/WesternRly

# સુરત શહેર જિલ્લાના પેટ્રોલ પંપો પર પેટ્રોલ-ડીઝલનો જથ્થો આવતા લાઈનો ઘટવા લાગી

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરત સહિત સમગ્ર જિલ્લામાં છેલ્લા ચારેક દિવસથી પેટ્રોલ-ડીઝલની અછતને કારણે ફેલાયેલા ગભરાટથી પેટ્રોલ પંપો પર વાહન ચાલકોની લાંબી લાંબી લાઈનો પડવા સાથે કેટલાક પેટ્રોલ પંપો માલના અભાવે બંધ પણ કરી દેવાયા હતા. જો કે આજે પરિસ્થિતિ થોડી સુધારા જનક દેખાવા લાગી છે કારણકે કાલે રાતથી જ મોટાભાગના પેટ્રોલ પંપોને પેટ્રોલ-ડીઝલનો જથ્થો જરૂરીયાત માત્રામાં મળવાનું શરૂ થતાં અછતની સ્થિતિમાં સુધારો દેખાઈ રહ્યો છે. સાઉથ ગુજરાત પેટ્રોલિયમ ડીલર્સ એસોસિએશનના પ્રમુખ સુરેશભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે પેટ્રોલિયમ કંપનીઓ દ્વારા પેટ્રોલ-ડીઝલનો જથ્થો રાબેતા મુજબ આપવાનું શરૂ કરતા સ્થિતિમાં ઘણો સુધારો આવ્યો છે. ધીરે-ધીરે તમામ પેટ્રોલ પંપો શરૂ થઈ જશે. એટલે વાહન ચાલકોની લાઈનો પણ આપો આપ ઓછી થઈ જશે. બીજું એ છે કે ખાનગી પેટ્રોલિયમ કંપની દ્વારા પેટ્રોલમાં પાંચ અને ડીઝલમાં લીટરે રૂપિયા ત્રણ નો વધારો કરી દીધો છે તેથી સસ્તા દરનું પેટ્રોલ પુરાવવા વાહનચાલકો સરકારી કંપનીના પેટ્રોલ પંપ પર જાય છે ઉપરાંત અછતના ભય થી દરેક વાહન ચાલકો ટાંકી ફુલ કરી દેવાનો આગ્રહ રાખતા હોવાથી પેટ્રોલ-ડીઝલની માંગ વધી જતા પણ અછત સર્જાવવા લાગી હતી જે હવે ઓછી થઈ રહી છે.

# “આરોગ્ય કર્મચારીઓના હિતોનું રક્ષણ અને તેમના પ્રશ્નોના સંવેદનશીલ નિરાકરણ માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ”: આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા



માનનીય આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના સાનિધ્યમાં આજે ગાંધીનગર સ્થિત સ્વર્ણિમ સંકુલ-૨ ખાતે ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘના પ્રતિનિધિઓ તેમજ વિવિધ વર્ગના આરોગ્ય કર્મચારીઓ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન કર્મચારીઓએ ખાતાકીય પરીક્ષા, ઉચ્ચત્તર પગાર ધોરણ, પંચાયત હસ્તકના મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર તથા ફિમેલ હેલ્થ વર્કરના ખાતાકીય પરીક્ષાને લગતા વિવિધ પ્રશ્નો અને માંગણીઓ અંગે વિસ્તૃત રજૂઆતો કરી હતી. આ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રીએ તમામ રજૂઆતોને અત્યંત સંવેદનશીલતા, સહાનુભૂતિ અને સકારાત્મક અભિગમ સાથે ધ્યાનપૂર્વક સાંભળી કર્મચારીહિતને કેન્દ્રસ્થાને રાખી યોગ્ય અને હકારાત્મક નિર્ણય લેવામાં આવશે તેવી ખાતરી વ્યક્ત કરી હતી. આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, “રાજ્યના આરોગ્ય કર્મચારીઓ માત્ર કર્મચારી નથી, પરંતુ જનસેવાના પવિત્ર કાર્યમાં નિષ્ઠાપૂર્વક જોડાયેલા આરોગ્ય વ્યવસ્થાના મજબૂત આધારસ્તંભ છે. તેમના હિતો અને પ્રશ્નોના નિરાકરણ માટે રાજ્ય સરકાર સંપૂર્ણ પ્રતિબદ્ધ છે.” તેમણે વધુમાં ઉમેર્યું હતું કે માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર આરોગ્ય ક્ષેત્ર સાથે સંકળાયેલા દરેક કર્મચારીના હિત, સન્માન અને કલ્યાણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહી છે. કર્મચારીઓના પ્રશ્નોના હકારાત્મક નિરાકરણ માટે સરકાર સતત સંવાદ અને સહકારના માર્ગે આગળ વધી રહી છે. બેઠક દરમિયાન આરોગ્ય કર્મચારીઓએ પણ સરકારના સંવેદનશીલ અભિગમ અને હકારાત્મક વલણ બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

### પ્રોટોકોલને બદલે પ્રજાને પ્રાધાન્ય આપતો ગુજરાત સરકારનો ઐતિહાસિક અભિગમ

# કોઈ ઉદ્ઘાટન કે ભવ્ય સમારોહ વિના આવતીકાલથી જ ૩૦૦ નવી બસો સીધી જ જનતાની સેવામાં કાર્યરત કરાશેઃ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

### સમારોહ પાછળ થતો સમય અને સરકારી નાણાંનો બગાડ અટકાવી બસોને સીધી રૂટ પર દોડાવવામાં આવશે

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ દેશના સંસાધનોના કરકસરભર્યા ઉપયોગ અને 'ઈંધણ બચાવો' માટે કરેલી અપીલને ગુજરાત સરકારે સાચા અર્થમાં ચરિતાર્થ કરી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ આવતીકાલથી રાજ્યના વિવિધ રૂટો પર એકસાથે ૩૦૦ નવી અત્યાધુનિક બસો સીધી જ જનતાની સેવામાં કાર્યરત કરવામાં આવશે. આ નિર્ણયની સૌથી નોંધપાત્ર બાબત એ છે કે, આટલી મોટી સંખ્યામાં બસોનું લોકાર્પણ હોવા છતાં, કોઈ પણ પ્રકારના ભવ્ય ઉદ્ઘાટન સમારોહ, રીબન કટીંગ કે પ્રોટોકોલ મુજબના વીઆઈપી કાર્યક્રમો યોજવામાં આવશે નહીં. રાજ્ય સરકારના આ અભિગમ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય ઉત્સવોને બદલે જનકલ્યાણને સર્વોપરી રાખવાનો છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્યના નાગરિકોની પરિવહન સુવિધાને વધુ સુદ્રઢ અને આધુનિક બનાવવાના હેતુથી ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ GSRTC દ્વારા આ પ્રેરણાદાયી નિર્ણય લેવામાં આવ્યો છે. સામાન્ય રીતે આવા મોટા પ્રોજેક્ટ્સના લોકાર્પણ પ્રસંગે બસોને દૂર-દૂરથી પ્રોટોકોલ મુજબ કાર્યક્રમ સ્થળે લાવવા-લઈ જવામાં અને ભવ્ય આયોજનોમાં હજારો લિટર ઈંધણ તેમજ લાખો રૂપિયાના સરકારી નાણાંનો વ્યય થતો હોય છે. વર્તમાન પરિસ્થિતિને ધ્યાને રાખીને ઈંધણની બચત સાથે પર્યાવરણનું પણ રક્ષણ કરી શકાય તે હેતુથી મુખ્યમંત્રીશ્રીએ 'ઝીરો સેરેમની'નો સંકલ્પ કર્યો છે. રાજ્ય સરકારના નિર્ણયના અમલીકરણ સાથે જ આ ૩૦૦ નવી બસો સીધી જ નિર્ધારિત ડેપો પરથી સામાન્ય નાગરિકો, વિદ્યાર્થીઓ અને નોકરિયાત વર્ગ માટે રૂટ પર દોડતી થઈ જશે તેમ નાયબ મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું.જ્યારે પણ વહીવટી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યારે જનતાને તાત્કાલિક સુવિધા આપવી એ જ સુશાસનનું ઉત્તમ ઉદાહરણ છે. આ અભિગમ સ્પષ્ટ કરે છે કે સરકાર માટે નેતાઓના સત્કાર અને સ્ટેજ કાર્યક્રમો કરતાં સામાન્ય માનવીની મુસાફરી વધુ મહત્વની છે.

- ઋચા રાવલ

# ‘સ્વસ્થ બાળપણ - ઉજ્જ્વળ ભવિષ્ય’ના મંત્ર સાથે રાજ્ય યોગ બોર્ડ દ્વારા ૭ થી ૧૫ વર્ષના બાળકો માટે ‘સમર યોગ કેમ્પ’નું આયોજન

### તા.૧૬થી ૩૦ મે ૨૦૨૬ દરમિયાન સમગ્ર રાજ્યના વિવિધ શહેરો, તાલુકાઓ અને ગામોમાં અંદાજિત ૨૨૫ જેટલા ‘સમર યોગ કેમ્પ’ યોજાશે

ઉનાળાની રજાઓ મનોરંજનની સાથે સાથે બાળકોના શારીરિક, માનસિક અને સાંસ્કૃતિક વિકાસ માટે પણ એક ઉત્તમ અવસર બની શકે છે. આજના સમયમાં બાળકોમાં વધતો મોબાઈલનો ઉપયોગ, શારીરિક પ્રવૃત્તિઓમાં ઘટાડો, માનસિક તણાવ અને અનિયમિત જીવનશૈલીને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ‘સમર યોગ કેમ્પ – ૨૦૨૬’નું રાજ્યવ્યાપી આયોજન કરવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ – ૨૦૨૬ની ઉજવણી અને યોગના વ્યાપક પ્રચાર-પ્રસારના ભાગરૂપે સમગ્ર ગુજરાતમાં ૭ થી ૧૫ વર્ષના બાળકો માટે વિશેષ સમર યોગ કેમ્પ્સ યોજાશે. આ કેમ્પ્સનો મુખ્ય હેતુ બાળપણથી જ બાળકોમાં સ્વસ્થ જીવનશૈલી, સારા સંસ્કારો, શિસ્ત, આત્મવિશ્વાસ, એકાગ્રતા અને સકારાત્મક વિચારસરણીનો વિકાસ કરવાનો છે. યોગ દ્વારા બાળકોનું શરીર મજબૂત બને, મન શાંત રહે અને અભ્યાસ પ્રત્યે ધ્યાન વધે તે માટે આ અનોખું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આગામી તા. ૧૬ મે ૨૦૨૬ થી તા. ૩૦ મે ૨૦૨૬ દરમિયાન સમગ્ર રાજ્યના વિવિધ શહેરો, તાલુકાઓ અને ગામોમાં અંદાજિત ૨૨૫ જેટલા “સમર યોગ કેમ્પ”નું આયોજન કરવામાં આવશે. રાજ્યના અનેક વિસ્તારોમાં સમર યોગ કેમ્પનું આયોજન કરીને બાળકો યોગ સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવશે.

આ સમર યોગ કેમ્પમાં બાળકોને યોગાસન, પ્રાણાયામ, ધ્યાન, સૂક્ષ્મ વ્યાયામ, રમતિયાળ યોગ પ્રવૃત્તિઓ, શારીરિક તંદુરસ્તી, માનસિક એકાગ્રતા, આરોગ્ય જાગૃતિ તેમજ ભારતીય સંસ્કૃતિ અને જીવનમૂલ્યો અંગે માર્ગદર્શન આપવામાં આવશે. સાથે જ બાળકોમાં ટીમવર્ક, નેતૃત્વ ક્ષમતા, સકારાત્મકતા અને નિયમિત જીવનશૈલી વિકસે તે માટે પણ વિશેષ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે. આ કેમ્પમાં બાળકોને મોબાઈલ અને ટીવી જેવી સ્ક્રીન પ્રવૃત્તિઓથી થોડો સમય દૂર રાખી યોગ, આરોગ્ય અને પ્રકૃતિ સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવશે. આજના ડિજિટલ યુગમાં બાળકોમાં વધતી આરોગ્ય સમસ્યાઓ સામે યોગ એક અસરકારક અને પ્રાકૃતિક ઉપાય બની શકે છે. નિયમિત યોગાભ્યાસથી બાળકોમાં લવચીકતા, સ્મરણશક્તિ, આત્મવિશ્વાસ અને માનસિક સ્થિરતા વધે છે, જે તેમના સર્વાંગી વિકાસ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. ભારતના યશસ્વી પ્રધાનમંત્રી માનનીય શ્રી નરેંદ્ર મોદી દ્વારા સમગ્ર વિશ્વમાં યોગને નવી ઓળખ અને વૈશ્વિક માન્યતા પ્રાપ્ત થઈ છે. તેમની પ્રેરણાથી આજે યોગ માત્ર વ્યાયામ નહીં પરંતુ સ્વસ્થ જીવન જીવવાની એક વૈશ્વિક જીવનપદ્ધતિ બની રહ્યો છે. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના પ્રોત્સાહન, રમતગમત રાજ્ય મંત્રી શ્રી જયરામ ગામીતના સહકાર અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન યોગસેવક શ્રી શીશપાલજીની પ્રેરણાથી સમગ્ર રાજ્યમાં યોગને ઘર-ઘર સુધી પહોંચાડવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા તમામ વાલીઓ, વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સમાજના આગેવાનોને આ “સમર યોગ કેમ્પ – ૨૦૨૬”માં વધુમાં વધુ બાળકોને જોડાવવા હાર્દિક અનુરોધ કરવામાં આવે છે, જેથી બાળકો સ્વસ્થ શરીર, સકારાત્મક મન અને સારા સંસ્કારો સાથે દેશ અને સમાજના જવાબદાર નાગરિક બની શકે. વધુ માહિતી અને નોંધણી માટે ગુજરાત રાજ્ય યોગ બોર્ડની સત્તાવાર વેબસાઈટ www.gsyb.inની મુલાકાત લેવા વિનંતી.

- જનક દેસાઈ

# મોરબીમાં પિતાએ જ દીકરીની આબરૂનો સોદો કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)મોરબી

મોરબીમાંથી માનવતાને શરમાવે તેવી એક અત્યંત હૃદયદ્રાવક અને આઘાતજનક ઘટના સામે આવી છે. એક સગીર દીકરી, જેની રક્ષા કરવાની જવાબદારી તેના પિતાની હોય છે, તે જ પિતા પોતાની દીકરીનો સોદાગર બન્યો હોવાનો કિસ્સો પ્રકાશમાં આવતા સમગ્ર પંથકમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મોરબીના શહેરી વિસ્તારમાં ભાડે રહેતા એક પરિવારની સગીર દીકરી પર તેના જ મકાન માલિકે દુષ્કર્મ આચર્યું હોવાની ઘટના બની હતી. શરૂઆતમાં આ મામલો માત્ર મકાન માલિકની હેવાનિયતનો જણાતો હતો, પરંતુ જ્યારે પોલીસે મુખ્ય આરોપી મકાન માલિકની ધરપકડ કરી પૂછપરછ હાથ ધરી ત્યારે જે સત્ય બહાર આવ્યું તે સાંભળીને પોલીસ પણ ચોંકી ઉઠી હતી. તપાસમાં ખુલાસો થયો છે કે, નરાધમ પિતાએ મકાન માલિકને પોતાની સગીર દીકરી સાથે કુકર્મ કરવાની મંજૂરી આપી હતી.સગીરાના ભોળપણનો લાભ ઉઠાવીને મકાન માલિક સતત તેનું યૌન શોષણ કરતો હતો. જ્યારે આ કુકર્મની જાણ સગીરાના પરિવારના અન્ય સભ્યોને થઈ ત્યારે તેઓએ હિંમત દાખવી પોલીસ ફરિયાદ કરવાનું નક્કી કર્યું હતું. મોરબી સિટી એ ડિવિઝન પોલીસ મથકે મકાન માલિક અને અન્ય શખ્સો સામે દુષ્કર્મ તથા પોક્સો (POCSO) એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

આ મામલે પોલીસે ત્વરિત કાર્યવાહી કરતા દીકરીને નરાધમના હવાલે કરનાર સગા પિતાની પોલીસે ધરપકડ કરી લીધી છે. આ ઉપરાંત હવસખોર મકાન માલિકને પણ જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યો છે. જ્યારે આ ગુનામાં મદદગારી કરનાર ત્રીજા એક શખ્સનું નામ પણ સામે આવ્યું છે, જે હાલ ફરાર છે અને પોલીસ તેની સઘન શોધખોળ કરી રહી છે.

આ ઘટનાએ સમાજમાં પિતા-પુત્રીના પવિત્ર સંબંધને લાંછન લગાડ્યું છે. પોતાની હવસ સંતોષવા માટે મકાન માલિકને દીકરી સોંપનાર પિતા પર ચારેબાજુથી ફિટકાર વરસી રહ્યો છે. પોલીસ હાલ આ મામલે ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે જેથી ભોગ બનનાર સગીરાને ન્યાય મળી શકે અને ગુનેગારોને કડકમાં કડક સજા થાય.

# સોના પર સખ્તાઈ શું આર્થિક સંકટમાંથી બહાર નીકળવાનો એક માત્ર માર્ગ છે?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ભારત કિંમતી ધાતુઓનો વિશ્વનો બીજો સૌથી મોટો ગ્રાહક દેશ છે. કાચા તેલ પછી દેશની આયાતમાં સોનું બીજા ક્રમનો સૌથી મોટો હિસ્સો ધરાવે છે. વધતી માંગ અને આયાત ને કારણે વિદેશી હુંડિયામણનો વપરાશ પણ વધ્યો છે. જેના કારણે રૂપિયો રેકોર્ડ નીચલા સ્તરે પહોંચી ગયો છે. જ્યારે ઘરેણાંના વેપારીઓ સરકારના આ પગલાથી નિરાશ છે ત્યારે એ પણ સાચું છે કે જો સમયસર યોગ્ય પગલાં લેવામાં નહીં આવે તો આગામી દિવસોમાં ઊભી થનારી ખરાબ પરિસ્થિતિની સૌથી વધુ અસર સામાન્ય માણસ પર પડશે.

અત્રે ઉલ્લેખનીય છે કે પશ્ચિમ એશિયાના સંકટને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના નાગરિકોને વિદેશી હુંડિયામણ બચાવવા માટે ઈંધણનો વિવેકપૂર્ણ ઉપયોગ, રસોઈ તેલનો વપરાશ ઘટાડવા અને સોનાની ખરીદી અને વિદેશ યાત્રા મુલતવી રાખવા જેવા પગલાં અપનાવા વિનંતી કરી છે જેનો સંદેશ સ્પષ્ટ છે કે દેશના અર્થતંત્ર પર દબાણ વધી રહ્યું છે અને તેને ઘટાડવા માટે વૈકલ્પિક પગલાં લેવાની જરૂર પડશે.

ત્યારબાદ સોના અને ચાંદી પરની આયાત જકાત ૬% થી વધારીને ૧૫% કરવાની જાહેરાત કરવામાં આવી હતી. આને કારણે આ કિંમતી ધાતુઓના ભાવમાં તીવ્ર ઉછાળો આવ્યો.

બીજુ જવેલરી ક્ષેત્રે ૫૦ લાખથી વધુ કારીગરો કામ કરે છે એમની રોજગારીનો પણ વિચાર કરવો જ રહ્યો. વધુમાં ભારતના વિદેશી વિનિમય સંસાધનોમાં તેલ, ખાતરો, ઔધોગિક કાચા માલ અને સંરક્ષણ જરૂરિયાતો જેવી આવશ્યક આયાતોને પ્રાથમિકતા આપવી જોઈએ. વડાપ્રધાને લોકોને બિન આવશ્યક ઈંધણ નો ઉપયોગ ઘટાડવા વિનંતી કરી હતી. અને ત્યાર બાદ તેમણે પોતે તેમના કાફલામાં વાહનોની સંખ્યા ઘટાડી હતી. જોકે એ સુનિશ્ચિત કરવું મહત્વપૂર્ણ છે કે આ સરકારી સ્તરનું અભિયાન ફક્ત જાહેરાતો જે દેખાડા સુધી મર્યાદિત ન રહે. જો જનપ્રતિનિધિઓ પણ ભાગ લે તો જ જનતા આ પગલાંને વ્યાપક પણે સ્વીકારશે. નહિંતર શેઠની શિખામણ ઝાંપા સુધી જેવો ઘાટ થાય તો નવાઈ નહીં.

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આહવાનને માન આપી સહકાર મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીનો પ્રેરણાદાયી નિર્ણય

### મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ તેમનો આગામી અમેરિકાનો પ્રવાસ સ્વૈચ્છિક રીતે રદ કર્યો

દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં જ દેશવાસીઓને રાષ્ટ્રહિતમાં એક વર્ષ સુધી ઈંધણ બચાવવા, વિદેશ પ્રવાસ ટાળવા સહિતની કેટલીક અપીલ કરી છે. ગુજરાતના કૃષિ અને સહકાર મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ વડાપ્રધાનશ્રીની આ અપીલ બાદ દેશહિતમાં એક મહત્વપૂર્ણ અને પ્રેરણાદાયી નિર્ણય લીધો છે.

ચાલુ માસના છેલ્લા અઠવાડિયામાં મંત્રી શ્રી વાઘાણી સંયુક્ત રાષ્ટ્ર (UN)ના મુખ્યાલય, ન્યૂયોર્ક ખાતે આયોજિત ‘ઈન્ટરનેશનલ સિમ્પોઝિયમ ઓન કોઓપરેટિવ ફાઈનાન્શિયલ ઈન્સ્ટિટ્યુશન્સ’માં વિશેષ વક્તા તરીકે હાજરી આપવાના હતા. વડાપ્રધાનશ્રીના એક વર્ષ સુધી વિદેશ પ્રવાસ ન કરવાના આહવાનને પ્રાધાન્ય આપીને મંત્રીશ્રીએ સ્વૈચ્છિક રીતે આ પ્રવાસ રદ કર્યો છે, જે તેમની રાષ્ટ્ર પ્રત્યેની પ્રતિબદ્ધતા અને વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન પ્રત્યેનો આદર દર્શાવે છે.

મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ આ અંગે જણાવ્યું હતું કે, ગુજરાતનું સહકારી મોડેલ આજે વિશ્વ માટે દીવાદાંડી સમાન છે. સંયુક્ત રાષ્ટ્ર જેવા મંચ પર ગુજરાતના આ મજબૂત સહકારી માળખા વિશે વાત કરવાની એક ઉત્તમ તક હતી, પરંતુ વડાપ્રધાનશ્રીનો અનુરોધ અને દેશની પ્રાથમિકતા હંમેશા અમારા માટે સર્વોપરી છે, જેથી રાષ્ટ્રહિતમાં આ પ્રવાસ રદ કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ઈન્ટરનેશનલ કો-ઓપરેટિવ બેંકિંગ એસોસિએશન અને ઈન્ટરનેશનલ કો-ઓપરેટિવ એલાયન્સ દ્વારા મંત્રીશ્રીને આ વૈશ્વિક મંચ પર સંબોધન કરવા માટે ખાસ આમંત્રણ આપવામાં આવ્યું હતું.

### કબાટ ખોલતા ૧૫ તોલા સોનું ચોરાયું હોવાની જાણ થઈ

# કતારગામમાં શિક્ષિકાના ઘરમાં ચોરી કરનાર મહિલા ઝડપાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત શહેરના કતારગામ વિસ્તારમાં રહેતી એક શિક્ષિકાના ઘરમાંથી અંદાજે રૂ. ૧૭.૭૭ લાખની કિંમતના ૧૫ તોલા સોનાના દાગીના ચોરી થવાની ઘટનાનો કતારગામ પોલીસે પર્દાફાશ કર્યો છે. ચોરીની આ ઘટનામાં કોઈ બહારનો ચોર નહીં, પરંતુ ઘરમાં ત્રણ મહિના પહેલાં ભાડે રહેવા આવેલી મહિલા જ સંડોવાયેલી હોવાનું બહાર આવ્યું છે. પોલીસે આરોપી મહિલા ઉષાબેન નીતિન ટાંકની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, કતારગામ વિસ્તારમાં આવેલી કંટેશ્વર સોસાયટીમાં રહેતી શિલ્પાબેન અરવિંદ પદમાણી સ્થાનિક ગજેરા સ્કૂલમાં શિક્ષિકા તરીકે ફરજ બજાવે છે. તેમના પતિ સચિન વિસ્તારમાં કાપડનું કારખાનું ચલાવે છે, જ્યારે પુત્ર ધોરણ-૧૨માં અભ્યાસ કરે છે. પરિવાર દ્વારા મકાનના પ્રથમ અને બીજા માળ ભાડે અપાયેલા હતા. ગત ૨૧ એપ્રિલના રોજ પરિવાર રામકથા રોડ પર જેઠની પુત્રીના ચાંદલો કાર્યક્રમમાં જવા તૈયાર થઈ રહ્યો હતો. તે દરમિયાન શિલ્પાબેને કબાટ ખોલતાં અંદર રાખેલા દાગીના ગાયબ હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. તપાસ કરતાં અંદાજે રૂ. ૧૭.૭૭ લાખની કિંમતના ૧૫ તોલા સોનાના દાગીના ચોરી થયાનું બહાર આવ્યું હતું.

શિલ્પાબેનના જણાવ્યા અનુસાર છેલ્લે ૨૮ માર્ચના રોજ દાગીના કબાટમાં જોયા હતા. જોકે, ધ્યાન દોરવા બાબત એ હતી કે, મકાનનું કોઈ તાળું તૂટેલું નહોતું અને ઘરમાં જબરદસ્તી પ્રવેશના પણ કોઈ નિશાન પણ નહોતાં. જેના આધારે પોલીસને શરૂઆતથી જ કોઈ જાણભેદુ વ્યક્તિએ ચોરી કરી હોવાની શંકા ગઈ હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને કતારગામ પોલીસે તપાસનો દોર આગળ વધાર્યો હતો. પોલીસે મકાનમાં રહેતા બંને ભાડુઆત પરિવારોની વિગતવાર પૂછપરછ શરૂ કરી હતી. તપાસ દરમિયાન બહાર આવ્યું કે બીજા માળે રહેતો પરિવાર છેલ્લા આઠ વર્ષથી ત્યાં રહેતો હતો, જ્યારે પહેલા માળે રહેતો ટાંક પરિવાર માત્ર ત્રણ મહિના પહેલાં જ રહેવા આવ્યો હતો.

પોલીસ દ્વારા બંને પરિવારના સભ્યોને પોલીસ મથકે બોલાવી પૂછપરછ કરવામાં આવી હતી. દરમિયાન પોલીસને ઉષાબેન નીતિન ટાંકના મોબાઈલ ફોનમાં શંકાસ્પદ બાબત મળી આવી હતી. પોલીસે તપાસ કરતાં જાણવા મળ્યું કે, ૩૦ માર્ચથી ૧ એપ્રિલ દરમિયાનનો મોબાઈલ ડેટા ડિલીટ કરવામાં આવ્યો હતો. આ બાબતને આધારે પોલીસની શંકા વધુ મજબૂત બની હતી. પોલીસે સખ્તાઈથી પૂછપરછ કરતાં ઉષાબેન આખરે ભાંગી પડી હતી અને સમગ્ર ચોરીની કબૂલાત કરી હતી.

આરોપી મહિલાએ જણાવ્યું હતું કે, શિલ્પાબેન અને તેમના પતિ રોજ કામ પર જતા હતા, જ્યારે તેમનો પુત્ર ટ્યૂશન ક્લાસ માટે બહાર જતો હતો. તે સમયે મુખ્ય દરવાજાને તાળું મારવામાં આવતું હતું, પરંતુ સીડી પાસે આવેલા એક રૂમને ક્યારેય તાળું મારવામાં આવતું નહોતું. આ તકનો લાભ લઈ તે અંદર પ્રવેશી ગઈ હતી અને કબાટમાંથી દાગીના ચોરી લીધા હતા. તેના બે પુત્રોમાંથી એક પુત્રના થોડા સમય પહેલાં જ લગ્ન થયા હતા. પુત્રવધૂને કરિયાવરમાં દાગીના આપવા માટે તેણે આ ચોરી કરી હોવાનું કબૂલ્યું હતું.

કતારગામ પોલીસે આરોપી મહિલા સામે ગુનો નોંધી તેની ધરપકડ કરી છે. સાથે જ ચોરાયેલા દાગીના ક્યાં છુપાવવામાં આવ્યા છે અને તેમાં અન્ય કોઈની સંડોવણી છે કે નહીં તે દિશામાં વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. આ સમગ્ર ઘટનાએ શહેરમાં ભાડુઆતોની ચકાસણી અને ઘર સુરક્ષા અંગે ફરી એકવાર પ્રશ્નો ઉભા કર્યા છે. પોલીસે નાગરિકોને ભાડુઆત રાખતા પહેલાં પોલીસ વેરિફિકેશન કરાવવા તેમજ કિંમતી ચીજવસ્તુઓ સુરક્ષિત સ્થળે રાખવાની અપીલ કરી છે.

# મુન્દ્રા બંદરેથી કન્ટેનરમાં છુપાવેલું ૧૪૦ કિલો ડ્રગ્સ ઝડપાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)કચ્છ

ગુજરાતનો દરિયાકાંઠો ફરી એકવાર નશાની હેરાફેરીના કેન્દ્રમાં આવ્યો છે. નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યુરો (NCB) એ ચોક્કસ બાતમીના આધારે કચ્છના મુન્દ્રા બંદરેથી ૧૪૦ કિલો ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં આ ડ્રગ્સની કિંમત કરોડો રૂપિયા હોવાનું અંદાજવામાં આવી રહ્યું છે. NCB ને ગુપ્ત માહિતી મળી હતી કે મુન્દ્રા બંદરે આવેલા એક કન્ટેનરમાં શંકાસ્પદ નશાકારક પદાર્થ છુપાવવામાં આવ્યો છે. આ બાતમીના આધારે એજન્સીએ કન્ટેનરની કડક તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન કન્ટેનરના ગુપ્ત ખાનાઓમાંથી ૧૪૦ કિલો જેટલું ડ્રગ્સ મળી આવતા અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. હાલમાં NCB દ્વારા આ ડ્રગ્સનો જથ્થો કબજે કરવામાં આવ્યો છે. આ ડ્રગ્સ કયા દેશમાંથી આવ્યું છે, કોણે મોકલ્યું છે અને ભારતમાં આ જથ્થો કોણે મંગાવ્યો હતો તે દિશામાં સઘન તપાસ શરૂ કરવામાં આવી છે. પોલીસ અને સુરક્ષા એજન્સીઓ દ્વારા આયાતકારની વિગતો મેળવવામાં આવી રહી છે.

### સુમુલ ડેરીના નિર્ણયથી અઢી લાખ પશુપાલકોને આર્થિક રાહત થઈ

# સુરત-તાપી પશુપાલકો માટે કિલોફેટ દૂધ પર રૂ.૧૨૦ના બોનસની સુમુલ ડેરીની જાહેરાત

### સુમુલ ડેરી બોનસ પેટે રૂ. ૪૨૫ કરોડ ચૂકવશે પશુપાલકોને હવે પ્રતિ કિલોફેટ રૂ. ૧,૦૨૦ સુધીનો ભાવ મળશે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

સુરત-તાપી જિલ્લાના પશુપાલકો માટે સુમુલ ડેરીએ (Sumul Dairy) કિલોફેટ દૂધ પર રૂ. ૧૨૦ના બોનસની જાહેરાત કરી છે. આના પગલે સુમુલ ડેરી બોનસ પેટે રૂ. ૪૨૫ કરોડ ચૂકવશે.

પશુપાલકોને હવે પ્રતિ કિલોફેટ રૂ. ૧,૦૨૦ સુધીનો ભાવ મળશે. સુમુલ ડેરીના નિર્ણયથી અઢી લાખ પશુપાલકોને આર્થિક રાહત થઈ છે. પૂર્વ ડિરેક્ટર જયેશ પટેલે પણ સુમુલ ડેરીના નિર્ણયને આવકાર્યો છે. તેમણે તેને પશુપાલકોના હિતમાં લેવાતો નિર્ણય ગણાવ્યો છે.

સુમુલ ડેરી સાથે જોડાયેલા પશુપાલકોને ગયા વર્ષે પ્રતિ કિલોફેટે રૂ. ૮૭૦ની ચૂકવણી કરવામાં આવી હતી. તેના પછી બીસીયુ ફેટફેર અંદાજે રૂ. ૩૦ ભાવ ફેર પેટે આપવામાં આવ્યા હતા. કિલોફેટ દૂધમાં ૧૨૦ રૂપિયા મળીને પશુપાલકોને પ્રતિ કિલોફેટે રૂ. ૧,૦૨૦ મળશે તેમ જણાવાયું હતુ. આ સાથે સુમુલ ડેરીએ દાવો કર્યો હતો કે તેમના દ્વારા પશુપાલકોને પ્રતિ કિલોફેટે ચૂકવાતી રકમ સૌથી વધુ છે.

સુમુલ ડેરીનું આ પગલું દૂધના કારોબારમાં સંકળાયેલા લાખો કારોબારીઓ માટે રાહત રૂપ આપનારું જ નહીં પણ તેમની આર્થિક સમૃદ્ધિ વધારતું પગલું છે. સહકારી ક્ષેત્રમાં સુમુલ ડેરીએ લીધેલું આ પગલું બીજી ડેરીઓ માટે જાણે એક મોટો માપદંડ બની ગયું છે.

બીજી ડેરીઓએ આગામી દિવસમાં તેને અનુસરવાની ફરજ પડી શકે છે.આમ સુરતની સુમુલ ડેરી પશુપાલકોને રૂ. ૪૨૫ કરોડનીચૂકવણી કરશે.

સુમુલ ડેરીના નિર્ણયના લીધે પશુપાલકોના ખાતા છલકાશે. આગામી જૂન મહિનામાં આ રકમ પશુપાલકોના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવશે. આ જાહેરાતના લીધે ગ્રામીણ સ્તરે પશુપાલકોમાં ખૂબ જ ઉત્સાહ જોવા મળ્યો છે. તેમનું માનવું છે કે પારદર્શક વહીવટના કારણે તેમને આ ચૂકવણી થઈ રહી છે.

સુમુલના આ નિર્ણયને પૂર્વ ડિરેક્ટર અને ખેડૂત આગેવાન જયેશ દેલાડે આવકાર્યો છે. તેમણે જણાવ્યું હતું કે ગુજરાતમાં પ્રથમ હરોળનું બોનસ આપીને સુમુલે સાબિત કર્યું છે કે તે પશુપાલકોના હિત માટે પ્રતિબદ્ધ છે. ૧૦૦૦ રૂપિયાથી વધુનો ભાવ મળવો તે પશુપાલકો માટે રાહતની વાત છે. આના પરથી બીજી ડેરીઓના સંચાલકો પણ કંઈક શીખશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.